આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૧૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વાપી વિયરમાં ૭મા દિવસે ૧૫૦થી વધુ શ્રીજીનું વિસર્જન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપીની દમણગંગા નદીમાં ગણેશ વિસર્જનનો માહોલ ભક્તિમય બન્યો છે. અહીં સાતમા દિવસે પણ શ્રદ્ધાળુઓ દ્વારા ગણપતિ બાપ્પાની પ્રતિમાઓનું શાંતિપૂર્ણ અને ભક્તિભાવપૂર્વક વિસર્જન કરવામાં આવી રહ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ દોઢ થી અઢી દિવસની અંદર લગભગ ૧૫૦ જેટલી નાની શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન કૃત્રિમ તળાવમાં કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પાંચમા દિવસે ૪૦૦ જેટલી પ્રતિમાઓનું વિસર્જન દમણગંગા નદીમાં કરવામાં આવ્યું હતું. આજે સાતમા દિવસ સુધીમાં અત્યાર સુધી કુલ ૭૦૦ થી વધુ શ્રીજીની પ્રતિમાઓનું પૂઢચા વર્ષી લવકર યૉ ના ગગનભેદી નાદ સાથે વિસર્જન કરવામાં આવ્યું છે. વિસર્જન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સ્થળ પર પોલીસ વિભાગ, વોલિયેન્ટર, ફાયર વિભાગ અને મેડિકલની ટીમ ખડે પગે તૈનાત કરવામાં આવી છે. તંત્રની સતર્કતા અને ભક્તોના સહયોગથી વિસર્જન પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પાર પડી રહી છે. આજ રીતે રાતા ખાડીમાં અને ડુંગરા દમણગંગા નદી,મોરાઈ કોલક નદીમાં પણ પરંપરાગત વિસર્જન કરવામાં આવી રહ્યું છે.

### સ્વચ્છ સાગર,સુરક્ષિત સાગર ૨૦૨૬ અભિયાન

## વલસાડ જિલ્લાના 3 લાખ વિદ્યાર્થીઓએ સ્વચ્છતા શપથમાં ભાગ લીધો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર ૨૦૨૬ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લામાં તા. ૧૨ થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમ્યાન વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી છે, જેમાં સ્વચ્છતા શપથ કાર્યક્રમમાં જિલ્લાની તમામ ૧૫૦૮ શાળામાં ૩,૦૪,૩૪૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પારડી તાલુકાના ઉમરસાડી દેસાઈવાડમાં સ્વચ્છ સાગર સુરક્ષિત સાગર -૨૦૨૬ અભિયાન અંતર્ગત અટલબ્રિજ પાસના દરિયા કિનારે સફાઈ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં તાલુકા વિકાસ અધિકારી, ખ્દફું, જિલ્લા પંચાયત સભ્ય, તાલુકા પંચાયત સભ્ય, સરપંચ, ત.ક.મંત્રી, SBM-G કર્મચારીઓ, પંચાયત સભ્ય, ગ્રામજનો, આંગણવાડી વર્કર, આચાર્ય, તેમજ બાળકો સફાઈ અભિયાનમાં જોડાયા હતા. વલસાડ તાલુકાના મગોદ ડુંગરી ગામે જેટી પાસે દરિયા કિનારાની સાફ સફાઈ કરવામાં આવી જેમાં તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયત સભ્ય, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, એસબીએમ સ્ટાફ, સરપંચ અને ગામ લોકો હાજર રહ્યા હતા. આ જ રીતે ઉમરગામ તાલુકાના નારગોલ ગામમાં દરિયા કિનારે સફાઈ કરવામાં આવી હતી, જેમાં નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈ, ધારાસભ્ય રમણલાલ પાટકર, કલેક્ટર નીતિન સાંગવાન, તાલુકા વિકાસ અધિકારી, Atdo, જિલ્લા પંચાયત સભ્ય, તાલુકા પંચાયત સભ્ય, સરપંચ,ત.ક.મંત્રી, SBM-G કર્મચારીઓ, પંચાયત સભ્યો, ગ્રામજનો, આંગણવાડી વર્કર, આચાર્ય, તેમજ બાળકો ઉપસ્થિત રહી સફાઈ અભિયાનમાં શ્રમદાન કરી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

## વલસાડમાં 'પુઢચ્યા વર્ષી લવકર યા' ના નાદ સાથે શ્રીજીનું વિસર્જન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** વલસાડ શહેર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ગણેશોત્સવ અંતર્ગત ગણેશ વિસર્જન ભક્તિભાવપૂર્વક સંપન્ન થયું હતું. બપોરે ૨ વાગ્યા બાદ શહેર તથા ગ્રામ્ય માર્ગો પર ડીજેના તાલ, ઢોલ-નગારાના નાદ અને ગુલાલની છોળો વચ્ચે વાજતે-ગાજતે શ્રીજીની વિસર્જનયાત્રાઓ નીકળી હતી. વલસાડ શહેર નજીક ના, હનુમાનભાગડા અને લીલાપોર વિસ્તારમાંથી નીકળેલી વિસર્જન યાત્રાઓ ઔરંગા નદીના તટે પહોંચી હતી, જ્યાં વિધિવત પૂજા-અર્ચના બાદ પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. બીજી તરફ, કૈલાશ રોડ પરથી પસાર થતી વાંકી નદી માં ધમડાચી, વેજલપોર, ગુંદલાવ તેમજ વશીયર, નાનકવાડા અને સિવિલ રોડ વિસ્તારની પ્રતિમાઓનું વિસર્જન થયું હતું. ગણપતિ બાપ્પા મોરિયા, પુઢચ્યા વર્ષી લવકર યૉના ગગનભેદી નારાઓ સાથે અબાલ-વૃદ્ધ સૌ કોઈ બાપાની ભક્તિમાં લીન બન્યા હતા. નદી તટે મહાઆરતી બાદ ભાવિકોએ અશ્રુભીની આંખો સાથે વિઘ્નહર્તાને વિદાય આપી આગામી વર્ષે વહેલા પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું હતું. શોભાયાત્રા દરમિયાન સમગ્ર માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવાયો હતો.

## છીરીની દીકરી કરીના કોલતેએ આંતરરાષ્ટ્રીય સ્તરે તિરંગો લહેરાવ્યો

### કરીનાએ તુર્કીના ઈસ્તંબુલ ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રીય ગ્રેપ્લિંગ ચેમ્પિયનશિપમાં ૬૪ કિલો કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપીના છીરી રણછોડનગર વિસ્તારમાં રહેતી પ્રતિભાશાળી દીકરી કરીના કલ્પેશ કોલતેએ ગ્રેપ્લિંગ (Wrestling) ક્ષેત્રે પોતાની પ્રતિભાનો પરચો આપી પરિવાર, વાપી અને સમગ્ર ગુજરાતનું નામ આંતરરાષ્ટ્રીય ફલક પર રોશન કર્યું છે.

કરીનાએ તુર્કીના ઈસ્તંબુલ ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રીય ગ્રેપ્લિંગ ચેમ્પિયનશિપમાં ૬૪ કિલો કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ મેળવીને ભારતનો તિરંગો લહેરાવ્યો છે.

આ સિદ્ધિ સાથે તેણે આંતરરાષ્ટ્રીય સ્તરે સિલ્વર મેડલ સુધીની સફરમાં પોતાની મહેનત અને પ્રતિભાની સાબિતી આપી છે.

નાની ઉંમરમાં આંતરરાષ્ટ્રીય મંચ સુધી પહોંચીને મેડલ જીતવો એ સ્થાનિક રમતપ્રેમીઓ માટે ગૌરવની બાબત બની છે. છીરી જેવા નાના વિસ્તારમાંથી આવીને વિશ્વ ફલક પર દેશનું નામ રોશન કરવું એ ખરેખર પ્રેરણાદાયી છે.

ઉલ્લેખનીય છે કે કરીનાની આંતરરાષ્ટ્રીય સફર વર્ષ ૨૦૨૫માં થાઈલેન્ડ ખાતે યોજાયેલ Asian & Oceania Grappling Championship થી શરૂ થઈ હતી, જ્યાં તેને પ્રથમ વખત ભારતનું પ્રતિનિધિત્વ કરવાની તક મળી હતી. ત્યારથી સતત મહેનત, કઠોર પરિશ્રમ અને કોચના માર્ગદર્શન હેઠળ તેણે આ મુકામ હાંસલ કર્યો છે.

તેની આ સફળતાથી વાપી પંથકમાં ખુશીનો માહોલ છે અને યુવા ખેલાડીઓને પણ પ્રેરણા મળશે.

### જીઆઈડીસીમાં જીપીસીબીની નવી પહેલ

## વાપીમાં ગેટથી બહાર 300 ફુટ સુધીની સફાઈ કંપનીએ પોતે જ કરવી પડશે






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપી ઔદ્યોગિક વિસ્તારમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ની કચેરી દ્વારા ૧૬૦થી વધુ ઔદ્યોગિક એકમોને ૫ ક્લસ્ટરમાં વહેંચી 'સેવા મેરા યોગદાન-૨૦૨૬' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ કંપનીઓએ પોતાના પરિસરની સાથે ગેટ બહાર ૧૦૦ મીટરના વિસ્તારમાં પણ નિયમિત સ્વચ્છતા જાળવવી પડશે.સફાઈ કામગીરીનો રિપોર્ટ તૈયાર કરી તેનું સતત મોનિટરિંગ કરવામાં આવશે. ગેટ બહાર કચરો, પ્લાસ્ટિક કે ગંદકી જોવા મળશે તો સંબંધિત એકમ સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. વારંવાર નિયમોનો ભંગ કરનાર કંપનીઓ સામે કડક પગલાં લેવાઈ શકે છે.

અભિયાન અંતર્ગત કચરાનું યોગ્ય સેગ્રિગેશન અને નિકાલ, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા કાપડની થેલીઓનું વિતરણ તથા કંપનીના મુખ્ય ગેટ પર જાગૃતિ માટે પોસ્ટર-બેનરો લગાવવામાં આવ્યા છે. શાળા-કૉલેજના વિદ્યાર્થીઓને પણ પ્લાસ્ટિકમુક્તિની પ્રતિજ્ઞા લેવડાવી જનજાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. જીપીસીબીની આ પહેલથી ઔદ્યોગિક વિસ્તારની સ્વચ્છતા સુધરવાની અપેક્ષા વાપી કચેરીના આર ઓ એ જી પટેલ અને તેમની ટીમ જેવી રહી છે. જોકે અભિયાનને કાયમી સફળ બનાવવા માટે કંપનીઓ અને ઔદ્યોગિક સંગઠનોની સતત ભાગીદારી જરૂરી બનશે. તો જ વાપી સ્વચ્છ વાપી સુંદર વાપી બની રહેશે.

## વલસાડના પી.ડી. પટેલ ગુજરાત બાર કાઉન્સીલના ચેરમેન ચૂંટાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની જનરલ બોર્ડ મિટિંગમાં ચેરમેન તરીકે વલસાડના જાણીતા એડવોકેટ તથા નોટરી પી. ડી. પટેલ બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા હતા. અને સમગ્ર ગુજરાત માં અને ખાસ કરીને દક્ષિણ ગુજરાતનો ડંકો વગાડ્યો છે. ગુજરાતના અંદાજે એક લાખ ચાલીસ હજાર વકીલો ની માતૃસંસ્થા એવી બાર કાઉન્સિલ ઓફ ગુજરાત ની યોજાયેલ ચૂંટણી માં વલસાડ જિલ્લા વકીલ મંડળના છેલ્લા ૨૪ વર્ષ થી પ્રમુખ તરીકે સેવા આપી રહેલ એડવોકેટ પી. ડી. પટેલ ૯૯ જેટલા ઉમેદવારો માંથી ફર્સ્ટ પ્રેફરન્સ ના વોટ મેળવી ત્રીજા ક્રમે ચૂંટાઈ આવી ઈતિહાસ રચ્યો હતો.

આ અગાઉ સને ઈ.સ. ૨૦૧૮ માં પણ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં પી. ડી. પટેલ જીત્યા હતા અને વાઈસ-ચેરમેન તેમજ વિવિધ કમિટીઓના ચેરમેન પણ રહી ચુક્યા છે. તેઓ નોટરી એસોસિયેશન ગુજરાતના પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાઈને હાલ સેવા આપી રહ્યા છે.

તેમના વિજય ને સમગ્ર ગુજરાતના અને દક્ષિણ ગુજરાતના વકીલો અને મોટી સંખ્યા માં તેમના પ્રસંશકો એ શુભેચ્છા આપવા સાથે વધાવી લીધો હતો.

## ચણોદ અને છીરીમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપી મહાનગરપાલિકા દ્વારા મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી ના માર્ગદર્શન હેઠળ પ્રજાજનોની અરજીઓના ઝડપી નિકાલ અને સરકારી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવા 'સેવા સેતુ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ અંતર્ગત તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ છીરી વોર્ડ કચેરી, ખાતે તથા તા. ૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ પ્રાથમિક શાળા, ચણોદ ખાતે સવારે ૯થી બપોરે ૨ વાગ્યા સુધી અરજીઓ સ્વીકારવામાં આવશે. વાપી મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને આ સેવા સેતુ કાર્યક્રમનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## દપાડા અભયારણ્ય પાસે રેડ કેટેગીરીના ઉદ્યોગોના પ્રદુષણનું નિયંત્રણ ક્યારે ?



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૦ :** દાદરા અને નગર હવેલીના દાપાડા વિસ્તારમાં વન્યજીવ અભયારણ્ય નજીક આવેલી સ્ટીલ પ્રોસેસિંગ યુનિટમાંથી રાત્રિના સમયે ધુમાડાના મોટા ગોટેગોટા નીકળતા હોવાની તસવીર સામે આવ્યા બાદ પર્યાવરણીય દેખરેખ વ્યવસ્થા સામે સવાલો ઊભા થયા છે. આ યુનિટ NH-848Aની નજીક આવેલી છે, જ્યાંથી દરરોજ હજારો લોકો, ઔદ્યોગિક કર્મચારીઓ, દ્વિચક્રી વાહનચાલકો અને કોમર્શિયલ વાહનો પસાર થાય છે. સરકારી પ્રદૂષણ નિયંત્રણ રેકોર્ડમાં દાપાડા સ્થિત બલબીર રોલિંગ મિલ્સ પ્રાઈવેટ લિમિટેડ, યુનિટ-IIIને રેડ કેટેગરી હેઠળ દર્શાવવામાં આવી છે. રેકોર્ડ મુજબ અહીં ભઠ્ઠી દ્વારા ફેરસ અને નોન-ફેરસ ધાતુઓનું મેલ્ટિંગ, રિફાઇનિંગ, રિ-પ્રોસેસિંગ અને કાસ્ટિંગ જેવી પ્રક્રિયાઓ કરવામાં આવે છે. રેકોર્ડમાં પ્રતિ કલાક એક મેટ્રિક ટનથી વધુ ઉત્પાદન ક્ષમતાવાળી પ્રવૃત્તિનો ઉલ્લેખ છે. આ ઔદ્યોગિક એકમ અભયારણ્યની અંદર નથી, પરંતુ સંરક્ષિત વન્યજીવ વિસ્તારની નજીક આવેલી છે. તેથી સવાલ એ છે કે આસપાસના વિસ્તારમાં હવાની ગુણવત્તા અને ઔદ્યોગિક ઉત્સર્જનની પૂરતી દેખરેખ કરવામાં આવે છે કે નહીં. વન વિભાગના જણાવ્યા મુજબ દાપાડા નજીકનું સતમાલિયા ક્ષેત્ર વિવિધ પ્રકારના હરણ, મૃગ અને પક્ષીઓ માટે મહત્વપૂર્ણ વન્યજીવ આવાસ છે. સ્થળ પરથી લેવામાં આવેલી તસવીરમાં ઔદ્યોગિક પરિસરમાંથી ધુમાડાનો મોટો ગોટો નીકળતો જોવા મળે છે. જોકે માત્ર તસવીરના આધારે ઉત્સર્જન નિર્ધારિત મર્યાદા કરતાં વધુ છે અથવા ધુમાડામાં કોઈ હાનિકારક તત્વ છે તે કહી શકાય નહીં. તેના માટે અધિકૃત સ્ટેક-એમિશન અને એર-ક્વોલિટી ટેસ્ટના રિપોર્ટ જરૂરી છે. દૂષણ નિયંત્રણ સમિતિના ઓનલાઈન રેકોર્ડમાં બલબીર રોલિંગ મિલ્સ માટે Consent to Operate મંજૂર થયાની માહિતી ઉપલબ્ધ છે. રેકોર્ડ મુજબ એક અરજીને ૨૭ જૂન ૨૦૨૩ના રોજ મંજૂરી આપવામાં આવી હતી.

પરંતુ ઉપલબ્ધ ઓનલાઈન રેકોર્ડમાં નવીનતમ કન્સેન્ટ ઓર્ડરની સંપૂર્ણ નકલ અને તેની તમામ શરતો સરળતાથી ઉપલબ્ધ નથી. ખાસ કરીને તેની હાલની માન્યતા, મંજૂર ઉત્પાદન ક્ષમતા, ઉત્સર્જન સંબંધિત શરતો અને અન્ય પર્યાવરણીય પાલન અંગેની વિગતોની સ્વતંત્ર રીતે ચકાસણી કરવી મુશ્કેલ બની રહી છે. આ બાબતથી કંપની પાસે માન્ય મંજૂરી નથી તેવું સાબિત થતું નથી. પરંતુ રેડ કેટેગરીની ઔદ્યોગિક યુનિટ સાથે સંબંધિત પર્યાવરણીય મંજૂરી અને પાલનની વિગતો સામાન્ય લોકો માટે સરળતાથી ઉપલબ્ધ ન હોવી પારદર્શિતાનો સવાલ ચોક્કસ ઊભો કરે છે.

પ્રદૂષણ નિયંત્રણ સમિતિની તાજેતરની તપાસ રિપોર્ટમાં શું નોંધાયું છે? છેલ્લી સ્ટેક-એમિશન તપાસ ક્યારે કરવામાં આવી અને તેના પરિણામો શું રહ્યા? યુનિટની મંજૂર ઉત્પાદન તથા ભઠ્ઠીની ક્ષમતા કેટલી છે? કયા પ્રદૂષણ નિયંત્રણ સાધનો લગાવવામાં આવ્યા છે? ફર્નેસ ડસ્ટ અને સ્લેગનો નિકાલ કેવી રીતે કરવામાં આવે છે? શું વન વિભાગે અભયારણ્યની નજીક આવેલી આ ઔદ્યોગિક પ્રવૃત્તિની સંભવિત અસરનું કોઈ મૂલ્યાંકન કર્યું છે? આ સવાલોના જવાબ મળ્યા બાદ જ સ્પષ્ટ થઈ શકશે કે તસવીરમાં દેખાતો ધુમાડો મંજૂર ઔદ્યોગિક પ્રક્રિયાનો સામાન્ય ભાગ છે કે પછી ઉત્સર્જન નિયંત્રણ વ્યવસ્થામાં કોઈ ખામી તરફ સંકેત કરે છે.

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

# ચીખલીમાં ૧૦૦ બેડની સબ ડિસ્ટ્રીકટ હોસ્પિ.નું લોકાર્પણ કરાયું

**અદ્યતન સુવિધાસભર હોસ્પિટલથી ચીખલી અને આસપાસના વિસ્તારોના નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓનો લાભ મળશે: આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૨૦ :** રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નવસારી જિલ્લાના ચીખલી ખાતે રૂ.૪૬.૫૩ કરોડના ખર્ચે નિર્મિત ૧૦૦ બેડની અદ્યતન સુવિધાસભર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું લોકાર્પણ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આદિજાતિ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ, રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા તથા આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે રીબીન કાપી નવનિર્મિત સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલને પ્રજાજનો માટે ખુલ્લી મૂકી હતી.

આદિજાતિ વિકાસ વિભાગના મંત્રીએ જણાવ્યું હતું કે, ચીખલીની વર્ષો જૂની રેફરલ હોસ્પિટલ દ્વારા અનેક લોકોને આરોગ્ય સેવાઓ આપવામાં આવી છે. તેમણે ચિરંજીવી યોજના સહિતની વિવિધ સરકારી આરોગ્ય યોજનાઓને જરૂરિયાતમંદ લોકો માટે આશીર્વાદરૂપ ગણાવી હતી. સરકારી હોસ્પિટલોના માધ્યમથી સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોને ગુણવત્તાસભર સારવારનો લાભ મળી રહે છે તેમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીઓ તથા મહાનુભાવોના હસ્તે હોસ્પિટલની નર્સિંગ બહેનો, પી.આઈ.ઓ., સફાઈ કર્મચારીઓ તથા કોન્ટ્રાક્ટરનું સન્માન કરવામાં આવ્યું હતું. આરોગ્ય સેવાઓમાં યોગદાન આપનાર કર્મચારીઓની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

ચીખલી તાલુકા તેમજ આસપાસના ગામડાઓની અંદાજે ૩ થી ૫ લાખની વસ્તીને આ હોસ્પિટલની આધુનિક આરોગ્ય સેવાઓનો સીધો લાભ મળશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયક, જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાભાઈ શાહ, જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના ડૉ. માલતીબેન સહિત અધિકારીઓ, પદાધિકારીઓ, આરોગ્ય વિભાગના અધિકારી-કર્મચારીઓ, હોસ્પિટલ સ્ટાફ તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા.



વાંસદા. વાંસદા તાલુકાના કડોલપાડ ગામે નવાનગર ફળિયા ખાતે શ્રી ગણેશ યુવક મંડળ કડોલપાડ કોટવડા સમાજ દ્વારા ગણેશ વિસર્જન કરવામાં આવી હતી આજે પાંચ માં દિવસે ગણપતિ વિસર્જન કરવામાં આવી હતી તથા ડીજેનાં તાલે વરઘોડો કાઢી ને વિસર્જન કરવામાં આવી હતી જેમાં આયોજન કરવામાં આવ્યું હતું નરેશભાઈ પટેલ. ગણેશભાઇ. ઉત્તમ ભાઈ. દિનેશ ભાઈ.અજય ભાઈ તથા કોટવાળ પરિવાર દ્વારા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

# બીલીમોરા નવનાથધામનાં ગૌરી ગણેશ વિસર્જનમાં મોટી જનમેદની ઉમટી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨૦** બીલીમોરા નજીક દેવસર નવનાથધામથી પૂ. છોટેદાદાના સાંનિધ્યમાં શનિવાર સાંજે ભવ્યાતિભવ્ય ગણેશ વિસર્જન યાત્રામાં પારંપરિક નાસિક ઢોલ તાશા, અઘોરી ડાન્સ અને દૈવ આરાધના ફેઈમ કાંતારા ના પર્ફોર્મન્સનું રાજમાર્ગો ઉપર આકર્ષણ જામ્યું હતું.

હિન્દુ પૌરાણિક પાત્રો અને લોકપરંપરા આધારિત વેશભૂષા માણવા જનમેદની ઉમટી હતી.

બીલીમોરા નજીક દેવસર નવનાથ ધામમાં વીતેલા છ દાયકાથી વધુ સમયથી પારંપરીક શ્રી ગૌરી ગણેશની સ્થાપના કરવામાં આવે છે. નવનાથ ધામના ગાદીપતિ પૂ. છોટેદાદાનાં છ દિવસ સુધી શ્રી ગૌરી ગણેશની ભાવપૂર્વક પૂજા, અનુષ્ઠાન નો લાભ સેંકડો ભક્તો એ લીધો હતો. ભારતીય સંસ્કૃતિનું પારંપરિક નાશિક ઢોલ સિંહગર્જના અને અઘોરી-શિવગણ સ્વરૂપ અને દૈવ આરાધના ફેઈમ કાંતારાના પર્ફોર્મન્સએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

નાશિક ઢોલની સાથે તુર અને થાળી, ડીજે ના તાલે ગણપત્તિ બાપ્પા મોરિયાના નાદ સાથે પૂ. છોટેદાદાના સાનિધ્યમાં ભવ્ય વિસર્જન યાત્રા નીકળી હતી. જેમાં હજારોની સંખ્યામાં વધુ ગણેશભક્તો જોડાયા હતાં. પાલિકા પ્રમુખ મનીષ પટેલ, ભાજપ શહેર પ્રમુખ નીરવ ટેલર,વિજય પટેલ, પ્રજ્ઞેશ પટેલ, શાંતિલાલ પટેલ, અંકિત ટંડેલ, અંકુર ટંડેલ સહિત નેતાગણ, સ્થાનિક રાજકીય તથા સામાજિક આગેવાનો સંમેલિત થયા હતા,અને ગણપતિ બાપ્પા ના આશીર્વાદ લીધા હતા.

ફટાકડા અને આતશબાજીની અદભુત રમઝટ સાથે અંબિકા નદી બંદર ઓવારે પહોંચી હતી. જ્યાં પૂંજન, આરતી, બાદ ગણપતિ બાપા મોરિયા અગલે બરસ તુ જલ્દી આ... પુઢચ્યાં વર્ષી લવકર યા, ગણપતિ બાપા મોરિયા ના નાદ સાથે દુંદાળા દેવને અશ્રુભીની વિદાય અપાઈ હતી. આ પ્રસંગે નવનાથ ધામમાં સવાર, સાંજ ભંડારાનો ભક્તોએ લાભ લીધો હતો.

# વાંસદાની નિરપણ પ્રા. શાળામાં વંચિત બાળકોનો સન્માન કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૨૦ :** યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં સમાજના દરેક બાળકને સમાન તકો અને શિક્ષણનો લાભ મળે તેવા ઉદ્દેશ સાથે સેવા સંકલ્પ ૨૦૨૬ અંતર્ગત નિરપણ પ્રાથમિક શાળા, વાંસદા ખાતે વંચિત અને જરૂરિયાતમંદ બાળકોના સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ભાજપ સંગઠનના પ્રમુખ સંજયભાઈ પટેલ અને ઉપપ્રમુખ રાકેશભાઈ શર્મા ,વાંસદા તાલુકા પંચાયતના પ્રમુખ કૌશિકભાઈ પટેલ, સંગઠનજિલ્લા શિક્ષણ અધિકારી જયેશકુમાર ચૌધરી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અરુણકુમાર અગ્રવાલ, વાંસદા તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી દેશલે, જિલ્લા AR & VE સમીનાબેન, BRC અધિકારી, નિરપણ ગામના સરપંચ કાશીરામભાઈ ચૌધરી, SMC અધ્યક્ષ તથા સભ્યો, વાલીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા . કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવો અને અધિકારીઓએ બાળકોને શિક્ષણ સાથે સતત જોડાયેલા રહેવા માટે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. વંચિત બાળકોમાં આત્મવિશ્વાસ વધે અને તેઓ શિક્ષણની મુખ્યધારા સાથે વધુ મજબૂતીથી જોડાય તે હેતુથી શૈક્ષણિક સામગ્રી તથા ઉપયોગી વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત ૨૦૪૭ ના વિઝનને સાકાર કરવાની દિશામાં આયોજિત આ કાર્યક્રમ દ્વારા કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવા સંકલ્પ સાથે સેવા, સહકાર, સમાનતા અને માનવતાનો સકારાત્મક સંદેશ સમાજ સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

ભારતીય ઉર્જા બાસ્કેટ ૨૦૪૭ પર પ્રભાવશાળી વિચારો રજૂ કર્યા

# બીલીમોરાની પીએમશ્રી કન્યા શાળાની છાત્રા સાયન્સ સેમીનારમાં ઝળકી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૦ :** ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત અને જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા નવસારીની વિદ્યાકુંજ હાઈસ્કૂલ ખાતે આયોજિત જિલ્લા કક્ષાના સાયન્સ સેમિનારમાં બીલીમોરાની પીએમ શ્રી કન્યા શાળાની વિદ્યાર્થિની આકાંક્ષા રામફલ યાજ્ઞિકે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આકાંક્ષાએ ભારતીય ઊર્જા બાસ્કેટ ૨૦૪૭ સંભાવના અને પડકારો વિષય પર પોતાનું વક્તવ્ય રજૂ કરતાં ભારતને ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવી વિકસિત રાષ્ટ્રના લક્ષ્યાંક સુધી પહોંચવા માટેના મજબૂત રોડમેપ, પુન:પ્રાપ્ય ઉર્જાની તકો અને સંભવિત પડકારો અંગે તર્કબદ્ધ છણાવટ કરી હતી. તેના પ્રભાવશાળી પ્રેઝન્ટેશન બદલ આયોજકો તરફથી તેને શીલ્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવી હતી, જેના પગલે સમગ્ર શાળા પરિવાર અને બીલીમોરા પંથકમાં ગૌરવની લાગણી પ્રસરી ગઈ છે.

# બીલીમોરામાં ૪૦૦થી વધુ શ્રીજીની પ્રતિમાઓનું અંબિકા નદીમાં વિસર્જન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨૦** બીલીમોરા શહેર અને પંથકમાં ગણેશ ચતુર્થીના પાવન પર્વે સ્થાપિત કરાયેલા લાડીલા ગણપતિ બાપ્પાની સાત દિવસીય ભક્તિભાવપૂર્વક આરાધના બાદ રવિવારે અશ્રુભીની વિદાય આપવામાં આવી હતી. વિઠ્ઠલનગર સોસાયટીના 'સમ્રાટ ઓફ વિઠ્ઠલ નગર', સ્વામી વિવેકાનંદ ચોક ખાડા માર્કેટ, પોલીસ લાઈન સહિત વિવિધ શેરી-મહોલ્લા અને ઘરોમાં સતત સાત દિવસ સુધી ધાર્મિક અનુષ્ઠાનો, રાસ-ગરબા, યજ્ઞ-હવન અને મહાઆરતીથી ગણેશોત્સવનો માહોલ ભક્તિમય બની રહ્યો હતો. સાંજ સુધીમાં અંબિકા નદી કિનારે બંદર ઓવારા સહિતના વિવિધ જળાશયો પર ૪૦૦થી વધુ નાની-મોટી ગણેશ પ્રતિમાઓ પહોંચી હતી. ત્યાં શાસ્ત્રોક્ત વિધિ, અંતિમ આરતી અને 'પુઢચ્યા વર્ષી લવકર યા' તેમજ 'અગલે બરસ તૂ જલ્દી આ'ના ગગનભેદી જયઘોષ સાથે દુંદાળા દેવને ભાવભરી વિદાય અપાઈ હતી. આ પ્રસંગે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે બીલીમોરા પીઆઈ અશ્વિન સરવૈયા, પીએસઆઈ સોલંકી સહિતના પોલીસ કાફલાએ ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત જાળવ્યો હતો. સાથે જ બીલીમોરા ફાયર વિભાગની ટીમ અને સ્થાનિક તરવૈયાઓએ નદી કિનારે ખડેપગે સેવા આપીને સમગ્ર વિસર્જન પર્વને શાંતિપૂર્ણ અને સુચારુ બનાવવા મહત્વનું યોગદાન આપ્યું હતું.

# સરીબુજરંગમાં સરકારી જમીનની ફાળવણી સામે ગ્રામજનોનો વિરોધ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨૦ :**ગણદેવી તાલુકાના સરીબુજરંગ ગ્રામ પંચાયત હેઠળની સીટી સર્વે નં. ૧૬૩૬ અને ૧૬૩૭ની આશરે ૮૯૨૨ ચો.મી. સરકારી જમીન ગામ બહારના ૩૧ વિચરતી જાતિના ઈસમોને આવાસ માટે ફાળવવાના હુકમ સામે ગ્રામજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ મુદ્દે શુક્રવારે ગ્રામસભામાં ગ્રામજનોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. ગામલોકોના જણાવ્યા મુજબ, જિલ્લા કલેક્ટર દ્વારા તા. ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સરીબુજરંગ ગ્રામ પંચાયતની જાણ બહાર આ જમીન ૩૧ ઈસમોને આવાસ માટે ફાળવવામાં આવી છે. ગ્રામસભામાં સરપંચ પ્રજ્ઞાબેન શર્મા, માજી સરપંચ ભરત હળપતિ સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ જણાવ્યું હતું કે સરીબુજરંગમાં આશરે ૧૨ હજારની વસ્તી છે અને ૩ હજારથી વધુ આદિવાસીઓ સહિત અનેક પરિવારો રહેઠાણની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ઉપરાંત ગામમાં રમતનું મેદાન, સુવિધાયુક્ત બસ સ્ટેન્ડ, રિક્ષા સ્ટેન્ડ, દવાખાનું અને ફાયર સ્ટેશન જેવી સુવિધાઓ માટે ભવિષ્યમાં જમીનની જરૂરિયાત ઊભી થઈ શકે છે.

આથી સરકારી જમીનનો ઉપયોગ સ્થાનિક જરૂરિયાતો માટે કરવામાં આવે અને બહારના લોકોને કરાયેલી ફાળવણીના હુકમ અંગે પુનર્વિચાર કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ ઉઠી છે. ગ્રામસભામાં આ જમીન પર ગ્રામ પંચાયત દ્વારા કોઈપણ -કારના બાંધકામની પરવાનગી નહીં આપવાનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો.

# ગડતની અંબિકા હાઈસ્કૂલમાં કેન્સર નિવારણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૨૦ :** લાયન્સ ક્લબ ઓફ અમલસાડ દ્વારા શુક્રવારે ધી અંબિકા હાઈસ્કૂલ, ગડત ખાતે "Cancer Prevention Through Ayurveda" વિષય પર વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. લાયન્સ ડિસ્ટ્રિક્ટ ગવર્નર હેમલ પટેલની મુખ્ય ઉપસ્થિતિમાં આયોજિત કાર્યક્રમમાં નિષ્ણાત તબીબો ડૉ. યોગેશ દેસાઈ અને ડૉ. મનોજ ઉપાધ્યાયે વિદ્યાર્થીઓને કેન્સરના પ્રાથમિક લક્ષણો, નિવારણ, આયુર્વેદિક ઉપાયો તેમજ તંદુરસ્ત જીવનશૈલી અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જ્યારે સંચાલન શિક્ષિકા રેણુકાબેન પટેલે તેમજ આભારવિધિ લાયન કૌશિકભાઈ ભાવસારે કરી હતી. લાયન્સ ક્લબના હોદ્દેદારો, શિક્ષકો અને મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓએ કેન્સર સામે સાવચેતી અને સ્વાસ્થ્ય રક્ષાના આ સેમિનારનો ઉત્સાહભેર લાભ લીધો હતો.

# ખેરગામ રામજી મંદિરમાં દીપ પ્રગટાવાયા



**વાપી, તા. ૨૦ :** ભારતના પનોતા પુત્ર, યશસ્વી વડાપ્રધાન, વિશ્વ નેતા બનવા તરફ પ્રયાણ કરતા, ૧૩ વર્ષ ગુજરાતના મુખ્યમંત્રી અને ૧૨ વર્ષ દેશના પ્રધાનમંત્રીપદે બિરાજી અવિરત જનસેવાથી સુશાસન કરનાર મા. નરેન્દ્ર મોદીજીના ૭૭માં આયુવર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે રાજયભરમાં સંધ્યા ટાણે દીપપ્રજવલન થયું

જેમાં ખેરગામની મહિલાઓએ પણ રામજી મંદિર સંકુલમાં અનેક દિપ પ્રગટાવી પૂ. નરેન્દ્રભાઈને દીર્ઘાયુ બની વધુ સારી જનસેવામાં પરમ કૃપાળુ સહાયભૂત થાય તેવી સમૂહ પ્રાર્થના સીતારામ અને ગણપતિ બાપા ને આરતી સાથે કરી હતી.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૨૧-૦૯-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** શ્રાવણ,દશમ, **સૂર્યોદય :** ૦૬ : ૩૧ **સૂર્યાસ્ત** ૦૬ :૩૩, **ચંદ્રોદય** - ૦૩:૧૭ **ચંદ્રાસ્ત** - ૦૨:૧૫ **ચંદ્ર રાશિ :** ધન, **નક્ષત્ર** - ઉત્તરઅષાઢા

## આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** તમારી વાત લોકો સુધી સરળતાથી પહોંચી શકે છે અને કોઈ વ્યક્તિનો દૃષ્ટિકોણ સમજવાથી તમને નવી સમજ મળી શકે છે.

**વૃષભ (બ, વ, ઉ) :** તમે તમારા કામને સારી રીતે પૂર્ણ કરવા માટે ઉત્સાહિત રહેશો, પરંતુ અધિકારી, વડીલ અથવા જવાબદાર વ્યક્તિ તરફથી અચાનક કોઈ ફેરફાર અથવા સૂચના મળી શકે છે.

**મિથુન (ક, ઘ, ચ) :** -વાસ, શિક્ષણ, મીડિયા, કાયદા અથવા સર્જનાત્મક ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને નવા વિચારો મળી શકે છે.

**કર્ક (ડ, હ) :** પરિવાર સાથેની ચર્ચામાં સકારાત્મક પરિણામ મળી શકે છે, પરંતુ બેંકિંગ, લોન, વારસો અથવા સંયુક્ત સંપત્તિ સંબંધિત બાબતોમાં દરેક વિગતો ધ્યાનથી તપાસવી.

**સિંહ (મ, ટ) :** તમારી વાત કરવાની રીત અસરકારક રહેશે અને કોઈ મહત્વપૂર્ણ વ્યક્તિ સાથેની ચર્ચા આગળનું આયોજન નક્કી કરવામાં મદદ કરી શકે છે.

**કન્યા (પ, ઠ, ણ) :** પૈસા સંબંધિત ચર્ચા, સોદો અથવા વાટાઘાટમાં તમારી સમજદારી કામ આવી શકે છે.

**તુલા (ર, ત) :** લોકો સાથે મળવું-મળાવવું અને ગ્રુપ -વૃત્તિઓમાં ભાગ લેવાથી આનંદ મળશે.

**વૃશ્ચિક (ન, ય) :** કોઈ નજીકની વ્યક્તિની લાગણીઓ અચાનક સામે આવી શકે છે, તેથી વાતચીતમાં સમજદારી રાખવી.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** તમારી વાતો અને વિચારો અન્ય લોકોને -રણા આપી શકે છે.

**મકર (ખ, જ) :** તમારા વિચારો સ્પષ્ટ રહેશે અને વડીલો, અધિકારીઓ અથવા મહત્વપૂર્ણ વ્યક્તિઓ તમારી વાતને ગંભીરતાથી લઈ શકે છે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** કોઈ સમાચાર, શિક્ષણ, કાયદા, -વાસ અથવા અન્ય નવી બાબત તમારા મનોબળમાં વધારો કરી શકે છે.

**મીન (દ, ચ, થ, ઝ) :** સંયુક્ત સંપત્તિ, લોન, વીમો, કર અથવા અન્ય નાણાકીય મુદ્દાઓ પર વાતચીત થઈ શકે છે. કામ સંબંધિત મુસાફરીની શક્યતા પણ દર્શાવવામાં આવે છે અને તેનાથી કામમાં નવી તક મળી શકે છે.

# દમણ રેડિયો

**102.3 FM**

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૭૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | | | 5 | 4 | 9 |
| 3 | | | | | 4 | | 2 | 6 |
| | | | | | 7 | 3 | | |
| | 2 | 3 | | | 9 | | | 8 |
| 1 | | | | | | | | 2 |
| 5 | | | 4 | | | 9 | 1 | |
| | | 9 | 3 | | | | | |
| 2 | 3 | | 9 | | | | | 4 |
| 7 | 4 | 6 | | | 2 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૭૭ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 3 | 6 | 8 | 2 | 9 | 5 | 1 | 4 |
| 9 | 2 | 5 | 7 | 1 | 4 | 8 | 3 | 6 |
| 8 | 4 | 1 | 6 | 3 | 5 | 9 | 2 | 7 |
| 2 | 8 | 7 | 4 | 6 | 3 | 1 | 5 | 9 |
| 1 | 5 | 4 | 9 | 7 | 2 | 3 | 6 | 8 |
| 6 | 9 | 3 | 5 | 8 | 1 | 7 | 4 | 2 |
| 5 | 1 | 9 | 2 | 4 | 7 | 6 | 8 | 3 |
| 4 | 7 | 8 | 3 | 5 | 6 | 2 | 9 | 1 |
| 3 | 6 | 2 | 1 | 9 | 8 | 4 | 7 | 5 |

વિશ્વ હિન્દુ પરિષદના દ.ગુ. પ્રાંત મંત્રી રાજેશભાઈ રાણાએ ૧૮ ગામોની મુલાકાત લીધી

# ઉમરગામ પંથકમાં વિશ્વ હિન્દુ પરિષદના દ.ગુ. પ્રાંત મંત્રીએ ૧૮ ગામોની મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૦ :** ઉમરગામ તાલુકામાં વિશ્વ હિન્દુ પરિષદના દક્ષિણ ગુજરાત પ્રાંત મંત્રી માનનીય રાજેશભાઈ રાણાનો તા. ૧૭ થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન ત્રણ દિવસીય વિસ્તારક પ્રવાસ યોજાયો હતો. પ્રવાસ દરમિયાન તેમણે ઉમરગામ તાલુકાના ૧૮ ગામોની મુલાકાત લઈ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના પદાધિકારીઓ તથા કાર્યકર્તાઓ સાથે સંગઠનાત્મક પ્રવૃત્તિઓ અંગે મુલાકાત કરી હતી.

-વાસ દરમિયાન હુમરણ આશ્રમ-સંજાણ, ગોપાલકૃષ્ણ મંદિર-ભીલાડ તેમજ પૂનાટ આશ્રમ ખાતે સંતોના આશીર્વાદ મેળવ્યા હતા. સાથે જ ઉમરગામ તાલુકાના વિવિધ મંદિરોમાં દર્શન કરી ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી હતી. ભીલાડ ખાતે યોજાયેલા પોલીસ લોકદરબારમાં પણ રાજેશભાઈ રાણા ઉપસ્થિત રહ્યા હતા અને વલસાડ જિલ્લા પોલીસ અધિકારીનું ખેસ પહેરાવી સ્વાગત કર્યું હતું. કલગામ સ્થિત પ્રસિદ્ધ રાયણીવાળા હનુમાન મંદિર ખાતે હનુમાન દાદાના દર્શન કરી તેલ અર્પણ કરી આશીર્વાદ મેળવ્યા હતા. સરીગામના બાલાજી મંદિર ખાતે શ્રી ગણેશજીની આરતી અને દર્શન કર્યા બાદ નવસારીના ડીવાયએસપી સંજયભાઈ રાય સાથે પણ મુલાકાત કરી હતી. ત્રણ દિવસીય પ્રવાસ દરમિયાન વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના પદાધિકારીઓ તથા કાર્યકર્તાઓનો સાથ-સહકાર મળ્યો હોવાનું જણાવાયું હતું. આ રીતે ધાર્મિક, સંગઠનાત્મક અને સામાજિક સંપર્કથી ભરપૂર રાજેશભાઈ રાણાનો ઉમરગામ તાલુકાનો ત્રણ દિવસીય પ્રવાસ ઉત્સાહ અને ઉમંગ સાથે પૂર્ણ થયો હતો.

# વલસાડમાં ૪૦ ટકા પૂરપીડિતોને હજુ સુધી રોકડ સહાય ન મળતાં મામલતદારને રાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** વલસાડ શહેરમાં બે મહિના અગાઉ ઔરંગા નદીમાં આવેલા પૂરના કારણે લોકોને નુકસાની થયા બાદ સરકાર દ્વારા સર્વે હાથ ધરીને ફોર્મ ભરવામાં આવ્યા પરંતુ આજ દિન સુધી વલસાડના છીપવાડ વિસ્તારના કેટલાક રહીશોને રોકડ સહાય રકમ નહીં મળતા આજરોજ વલસાડ મામલતદારને લેખિત રજૂઆત કરી તાત્કાલિક રોકડ સહાય મળે તેવી માંગણી કરી છે. વલસાડ તેમજ ઉપરવાસમાં ગત તારીખ ૨૩ મી જુલાઈ ના રોજ ભારે વરસાદના પગલે વલસાડ શહેરમાં ઓરંગા નદીમાં આવેલા ભયાનકપુરના પાણી ના કારણે લોકોને ભારે નુકસાની થઈ હતી. જે હોનારત બાદ સરકાર દ્વારા સર્વે હાથ ધરીને ફોર્મ ભરાવવામાં આવ્યા હોવા છતાં, હજુ સુધી મોટી સંખ્યામાં પૂરપીડિતોને રોકડ સહાય મળી નથી. સ્થાનિક લોકચર્ચા મુજબ અંદાજે ૩૦ થી ૪૦ ટકા અસરગ્રસ્તો સરકારી સહાયથી વંચિત રહી ગયા છે. ?આ મામલે વલસાડના સામાજિક કાર્યકર્તા ભાવેશ પટેલે મામલતદારને લેખિત રજૂઆત કરી તાત્કાલિક સહાય ચૂકવવા માંગણી કરી છે. અરજીમાં જણાવ્યા અનુસાર, પૂરની હોનારત બાદ તંત્ર દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો અને અસરગ્રસ્તો પાસે ફોર્મ પણ ભરાવવામાં આવ્યા હતા. તેમ છતાં હજુ સુધી ઘણા ગરીબ અને જરૂરિયાતમંદ પૂરપીડિતોના ખાતામાં કે હાથમાં રોકડ સહાય પહોંચી નથી. આ અંગે પૂરપીડિતો સતત મામલતદાર કચેરીના ધરમધક્કા ખાઈ રહ્યા છે.

પૂરની આફત વેઠી ચૂકેલા ગરીબ પરિવારોને સરકાર દ્વારા ફાળવવામાં આવેલી આ રોકડ સહાય વહેલી તકે મળે તેવી માંગ સ્થાનિક સ્તરે ઉગ્ર બની રહી છે. હવે જોવું એ રહ્યું કે તંત્ર આ વંચિત પરિવારો સુધી સહાય ક્યારે પહોંચાડે છે.

# વાપીના રક્તદાન કેમ્પમાં ૨૦૨ યુનિટ રક્ત એકત્ર કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** ભાજપ પારડી વિધાનસભા, એન્જિનિયર્સ એસોસિએશન ઓફ વાપી, લઘુ ઉદ્યોગ ભારતી - વલસાડ ડિસ્ટ્રિક્ટ અને વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ના ૭૬માં જન્મદિવસના શુભ અવસર પર વાપી જી. આઈ. ડી. સી. સ્થિત ભૂરીબેન પોપટ લાખા લાયન્સ બ્લડ બેંક ખાતે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ રક્તદાન શિબિરને સ્થાનિક ધારાસભ્ય અને ગુજરાતના નાણા અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા દીપ પ્રજવલિત કરી શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વલસાડ જીલ્લા લઘુ ઉદ્યોગ ભારતી ના અધ્યક્ષ મેહુલભાઈ પટલ અને તેમની વાપી એકાઈની ટીમ સહીત વાપી અને આસપાસના નામી અનામી મહાનુભાવો હાજર રહ્યા હતા, આ રક્તદાન કેમ્પમાં ૨૦૧ યુનિટ રક્ત એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો, જેની સામે કુલ ૨૦૨ યુનિટ ભેગું કરવામાં આયોજકોએ સફળતા મેળવી હતી.

# સરઈની આશ્રમ શાળામાં બાળકોને બિસ્કિટ અને ઠંડા પીણાનું વિતરણ કરાયુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૦ :** દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશભરમાં સેવા હી સંગઠન પખવાડિયા અંતર્ગત વિવિધ સેવાકીય કાર્યોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે ઉમરગામ તાલુકા બક્ષીપંચ મોરચા દ્વારા સરઈ સ્થિત આશ્રમ શાળા ખાતે બાળકો વચ્ચે જઈને અનોખી રીતે જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી, આ કાર્યક્રમ અંતર્ગત શાળાના તમામ ભૂલકાંઓને બિસ્કિટ તથા ઠંડા પીણાનું વિતરણ કરી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. નાનાં-નાનાં બાળકોના ચહેરા પર છવાયેલી ખુશી આ સેવાકાર્યની સાચી સફળતા બની રહી હતીઆ સેવાકીય કાર્યક્રમમાં સંગઠનના પદાધિકારીઓ અને સ્થાનિક અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડ જિલ્લા સંગઠન ઉપપ્રમુખ નરેશભાઈ વળવી, જિલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ નિલેશભાઈ ભંડારી,જિલ્લા પંચાયત માજી દંડક દીપકભાઈ મિસ્ત્રી, ઉમરગામ તાલુકા બક્ષીપંચ મોરચા પ્રમુખ કિશોરભાઈ આહિર, મહામંત્રીઓ બિપિન પટેલ તથા વિપુલભાઈ માછી, સરઈ ગામના સરપંચ વાસુભાઈ, મમકવાડ ગામના સરપંચ ગીતાબેન, માજી સરપંચ અમૃતભાઈ, સમગ્ર કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો અને ઉપસ્થિત સૌ આગેવાનો તેમજ કાર્યકરોએ વડાપ્રધાન દીર્ઘાયુ બને અને રાષ્ટ્રસેવામાં અવિરત કાર્યરત રહે તેવી મંગલ કામનાઓ વ્યક્ત કરી હતી.

# વાપી ન.પા. હાઈ.માં ચિત્ર અને વકતૃત્વ સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપી નગર પંચાયત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત હાઈસ્કૂલમાં 'વિકસિત ભારત ૨૦૪૭' તથા 'સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬' અંતર્ગત ચિત્ર અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વાપી મહાનગરપાલિકાના મેયરદક્ષાબેન પટેલ તથા વોર્ડ નં. ૯ના કોર્પોરેટર ટીનાબેન હળપતિ અને વોર્ડ નં. ૭ના કોર્પોરેટર ખુશ્બુબેન નાયકા ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ વિદ્યાર્થીઓના ચિત્રો નિહાળી તેમની કલાત્મક પ્રતિભાને બિરદાવી હતી. વકતૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ વિકસિત ભારત ૨૦૪૭, સેવા, સુશાસન અને રાષ્ટ્ર વિકાસ જેવા વિષયો પર ઉત્સાહપૂર્વક વિચારો રજૂ કર્યા હતા. ચિત્ર તથા વકતૃત્વ સ્પર્ધાના શ્રેષ્ઠ ત્રણ વિજેતાઓને પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ધરમપુર ચોકડી નજીક જોધપુર સ્વીટ્સમાં ફૂડ વિભાગની તપાસ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** વલસાડ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વલસાડના ધરમપુર રોડ પર ના ધરમપુર ચોકડી આગળ જોધપુર સ્વીટસમાં તપાસ કરવામાં આવી હતી. ફૂડ સફટી ઓફિસર બી.કે.પટેલ દ્વારા સ્ટ્રોબેરી બરફી અને કચોરીના નમૂના લેવામાં આવ્યા હતા જે પૃથ્થકરણ અર્થે રાજકોટ લેબોરેટરી ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. જોધપુર સ્વીટ્સ દુકાનમાં કચોરી અને સમોસા તળવાના તેલનું TPC ૩૪.૫ ટકા આવતા આશરે ૬.૫ લીટર તળેલા તેલનો નાશ કરવામાં આવ્યો હતો. આશરે પાંચ કિલો બેકરી પ્રોડક્ટસનો નાશ કરવામાં આવ્યો હતો. જેનો પૃથ્થકરણ અહેવાલ આવ્યેથી આગળની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# વાપી પ્રમુખ ગ્રીન સોસાયટીમાં ગણેશ મહોત્સવની ભક્તિમય ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપીના ચલા ખાતે આવેલી પ્રમુખ ગ્રીન સોસાયટીમાં પ્રમુખ, કમિટી સભ્યો અને રહેવાસીઓના સહિયારા પ્રયાસોથી ગણેશ મહોત્સવ-૨૦૨૬ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મહોત્સવ દરમિયાન બાળકો માટે ડ્રોઈંગ, બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ, ડાન્સ સહિતની સ્પર્ધાઓ તથા મહિલાઓ માટે હાઉસી અને આરતી થાળી ડેકોરેશન જેવી પ્રવૃત્તિઓ યોજાઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાત સરકારના નાણા અને ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા અને કેક કટિંગ કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

રાજસ્થાન મિત્ર મંડળ દ્વારા સુંદરકાંડ પાઠ તથા બે દિવસ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની સફળતા બદલ આયોજકોએ તમામ સહયોગીઓ અને રહેવાસીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ચણોદ કોલોનીના રામ મંદિર ખાતે ગણેશોત્સવની ભક્તિમય ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપીના ચણોદ કોલોની સ્થિત રામ મંદિર ખાતે મહાકાલી મિત્ર મંડળ દ્વારા ગણેશોત્સવની ભક્તિમય ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષે મંડળ દ્વારા બાળ ગણેશને ખોળામાં ધારણ કરેલી માતા પાર્વતીજીની અનોખી પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે, જે ગણેશભક્તો અને સ્થાનિકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

ગણેશોત્સવના સાતમા દિવસે યોજાયેલી આરતીમાં મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી શ્રીજીના દર્શન કરી આરતીનો લાભ લીધો હતો. આ પ્રસંગે પ્રદેશ ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ ગીતાબેન પટેલ, વલસાડ જિલ્લા આર્થિક સેલના સંયોજક મહેશભાઈ ભટ્ટ, સુધીરભાઈ સાવલિયા, વનરાજભાઈ ગોદાણી તેમજ પાલિકા સભ્ય સુનીતાબેન તિવારી ઉપસ્થિત રહ્યા હતા.

# ધરમપુર વિસ્તારમાં ૩૮૦ સ્કુલ કીટ-૩૨ રાશન કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને સમાજસેવક કિરણ રાવલ દ્વારા તાપી જિલ્લાના તેમજ ધરમપુર વિસ્તારના આદિવાસી ગામોની સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને અંદાજે ૩૮૦ સ્કૂલ કીટ અને જરૂરિયાતમંદ પરિવારોને ૩૨ જેટલી રાશન કીટનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવાકાર્યથી આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી મળી તેમના અભ્યાસમાં સહાય થઈ છે, જ્યારે રાશન કીટથી જરૂરિયાતમંદ પરિવારોને પણ રાહત મળી છે. કિરણ રાવલના આવા સેવાભાવી પ્રયાસોની સ્થાનિક સ્તરે પ્રશંસા થઈ રહી છે.

# બિહારની મહિલા વલસાડ આવી પહોંચતા ૧૮૧ ટીમ વ્હારે આવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ તા. ૨૦** વલસાડ શહેર વિસ્તારમાં આશરે ૩૦ વર્ષની એક મહિલા છેલ્લા ચાર-પાંચ દિવસથી એકલી જોવા મળતાં એક જાગૃત રાહદારીએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર જાણ કરતા અભયમ વલસાડ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ટીમે સૌપ્રથમ મહિલાની સ્થિતિ અંગે પ્રાથમિક માહિતી મેળવી હતી. ત્યારબાદ મહિલાને વિશ્વાસમાં લઈ વાતચીત શરૂ કરી હતી.

કાઉન્સેલિંગ દરમિયાન મહિલા શરૂઆતમાં માત્ર પોતાનું નામ જણાવી શકી હતી. ૧૮૧ અભયમ ટીમે તેમને આશ્વાસન આપી કોઈપણ પ્રકારનું દબાણ કર્યા વગર સતત કાઉન્સેલિંગ અને વાતચીત દ્વારા મહિલાની પરિસ્થિતિ ને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મહિલા પાસે ઓળખપત્ર કે પરિવારજનોનો સંપર્ક ઉપલબ્ધ ન હોવાથી ૧૮૧ અભયમ ટીમે કાઉન્સેલિંગ દરમિયાન મળેલી માહિતીના આધારે તેમના પરિવારજનો તથા સગા-સંબંધીઓનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તાત્કાલિક કોઈ પરિવારજન અથવા સગા-સંબંધીઓનો સંપર્ક થઈ શક્યો નહોતો.મહિલાની પરિસ્થિતિ અને અજાણ્યા વિસ્તારમાં એકલા હોવાને ધ્યાનમાં રાખીને ૧૮૧ અભયમ ટીમે પ્રાથમિકતા આપી હતી. મહિલાને એકલી ન છોડતાં ટીમે જરૂરી સંકલન અને પ્રક્રિયા હાથ ધરી હતી.

# દમણમાં હિન્દી પખવાડિયાનો સમાપન સમારોહ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૦ :** દમણના રાજભાષા વિભાગે શુક્રવારે હિન્દી પખવાડિયાના સમાપન અને પુરસ્કાર સમારોહનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી ચાલનારા `સેવા સંકલ્પ અભિયાન` ના ભાગ રૂપે આયોજિત કરવામાં આવ્યો હતો, જે -ધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવનમાં ૨૫ વર્ષની સેવાની યાદમાં યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં IAS અધિકારી નિધિ મુખ્ય મહેમાન હતા. રાજભાષા વિભાગના સહાયક નિયામક ડૉ. અનિલ કૌશિકે તેમનું ફૂલોના ગુલદસ્તાથી સ્વાગત કર્યું. દીપ પ્રગટાવ્યા પછી, વાત્સલ્ય સ્કૂલના વિદ્યાર્થીઓએ સરસ્વતી વંદના કરી.

૧ થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન હિન્દી પખવાડિયાના ભાગ રૂપે, સત્તાવાર ભાષા વિભાગે નિબંધ લેખન, કવિતા લેખન, શબ્દભંડોળ જ્ઞાન, હિન્દી નોંધ લેવા અને મુસદ્દો તૈયાર કરવા, હિન્દી ટાઈપિંગ, દેશભક્તિ ગીતો અને ભાષણો સહિત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કર્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સરકારી વિભાગના કર્મચારીઓએ આ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન શ્રીમતી નિધિએ દૈનિક વહીવટી કાર્યોમાં સરળ, સ્પષ્ટ અને સહજ હિન્દીના ઉપયોગ પર ભાર મૂક્યો. તેમણે કર્મચારીઓને હિન્દીને તેમની કાર્ય સંસ્કૃતિનો અભિન્ન ભાગ બનાવવા વિનંતી કરી. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગીત ગાન સાથે થયું.

# ઉમરગામ દરિયા કિનારે સ્વચ્છતા અભિયાન ચલાવાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૦ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ચાલી રહેલા સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ અંતર્ગત ઉમરગામના દરિયા કિનારે સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન અને ઉમરગામ નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ સ્વચ્છતા અભિયાનમાં સ્વચ્છતા અને પર્યાવરણ જાળવણીનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રેરણાદાયી કાર્યક્રમમાં ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર, પ્રાંત અધિકારી નીરવભાઈ પટેલ, અગ્રણી ઉદ્યોગપતિ ઈશ્વરભાઈ બારી, ઉમરગામ નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ, નગરપાલિકા ચીફ ઓફિસર અતુલ ચંદ્ર સિન્હા, ઉમરગામ શહેર ભાજપ પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલા, ઉમરગામ નોટિફાઈડ બોર્ડના ચેરમેન જીગ્નેશભાઈ બારી સહિત મોટી સંખ્યામાં સ્વચ્છતાના આગ્રહી નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન દરિયા કિનારા સહિત જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવા અને ગંદકી ન ફેલાય તે અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. સ્વચ્છ પર્યાવરણ અને સ્વચ્છ જાહેર સ્થળો માટે સૌએ સામૂહિક જવાબદારી નિભાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે એમ.એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ જાહેર સ્થળોએ ગંદકી ન ફેલાય અને અન્ય લોકોને પણ સ્વચ્છતા માટે પ્રેરણા મળે તે માટે લોકજાગૃતિના પ્રયાસો કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. સાથે જ પર્યાવરણની જાળવણી અને હરિયાળી વધારવાના હેતુથી વૃક્ષારોપણ કરવાની પણ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

# દમણ નમો હોસ્પિ.માં ન.પા.ની મહિલા કાઉન્સિલરોએ આરોગ્ય તપાસ કરાવી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૦ :** વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે, કેન્દ્રશાસિત પ્રદેશની બંને સરકારી નમો હોસ્પિટલોમાં શરૂ કરાયેલા આરોગ્ય તપાસ અભિયાનના ભાગ રૂપે, દમણ નગરપાલિકાના અધ્યક્ષા દીપિકા બેન ટંડેલના નેતૃત્વ હેઠળ મહિલા કાઉન્સિલરોએ નમો હોસ્પિટલમાં પોતાની તપાસ કરાવી. આ દરમિયાન, કાઉન્સિલરોએ મેમોગ્રાફી, સર્વાઈકલ અને મૌખિક કેન્સરની તપાસ કરાવી. મહિલા કાઉન્સિલરોએ મહિલાઓના સ્વાસ્થ્ય અને રોગોની સમયસર તપાસ માટે શરૂ કરાયેલી આ પહેલ બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને પ્રશાસક પ્રફુલ્લ પટેલનો આભાર માન્યો હતો.

# વાપીની આર.કે. દેસાઈ કોલેજમાં સુક્ષ્મજીવ દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપી સ્થિત આર. કે. દેસાઈ સાયન્સ કોલેજ ખાતે માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય સૂક્ષ્મજીવ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં સૂક્ષ્મજીવોના વૈજ્ઞાનિક મહત્વ તથા માનવજીવન અને દૈનિક જીવનમાં તેમના વિવિધ ઉપયોગો અંગે જાગૃતિ કેળવવાના હેતુથી SciToon, Agar Art અને Scientific Reel-Making જેવી વિવિધ સર્જનાત્મક અને વૈજ્ઞાનિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

માઈક્રોબાયોલોજી વિભાગના હેડ ડૉ. પિંકલ પટેલ ના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ સ્પર્ધાઓમાં પ્રા. સબીના સિદ્દીકી નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓની કૃતિઓનું મૂલ્યાંકન કર્યું હતું તેમજ તેમને ઉપયોગી માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કલ્ચરલ કમિટીના સભ્યો તૃષા દેસાઈ તથા અભિષેક પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહ તથા ઈનચાર્જ પ્રિન્સિપાલ સુરભી ચૌધરી દ્વારા સમગ્ર ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આ ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, સર્જનાત્મકતા અને સંશોધનાત્મક વિચારસરણીને પ્રોત્સાહન મળ્યું હતું અને સમગ્ર કાર્યક્રમ યાદગાર બન્યો હતો.

# છરવાડા ખોડીયારનગરમાં મહાકાલ સેના ચા રાજાના આકર્ષકનુ કેન્દ્ર બન્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપીના છરવાડા ખોડીયાર નગર ખાતે યુવાનોની મહાકાલ સેના દ્વારા ગણપતિ ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મહાકાલ સેના દ્વારા સતત ચોથા વર્ષે ગણપતિ બાપ્પાની સ્થાપના કરવામાં આવી છે. આ વર્ષે ૧૦ ફૂટ ઊંચી ઈકો-ફ્રેન્ડલી માટીની ગણપતિ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. પ્રતિમા ખાસ પશ્ચિમ બંગાળથી કલાકારોને આમંત્રિત કરીને તૈયાર કરાવવામાં આવી હોવાનું આયોજકોએ જણાવ્યું હતું. આ વર્ષની ગણપતિ પ્રતિમા સંપૂર્ણપણે માટીમાંથી તૈયાર કરવામાં આવી છે. પર્યાવરણને નુકસાન ન થાય અને પ્રકૃતિ પ્રત્યે જવાબદારીનો સંદેશ સમાજ સુધી પહોંચે તે હેતુથી ઈકો-ફ્રેન્ડલી પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે. અહીં છરવાડા ખોડીયાર નગરના યુવાનો દ્વારા છેલ્લા ચાર વર્ષથી ગણપતિ ઉત્સવનું આયોજન શ્રદ્ધા, ભક્તિ અને ઉત્સાહપૂર્વક કરવામાં આવી રહ્યું છે. આ આયોજનના માધ્યમથી ધાર્મિક આસ્થા સાથે સમાજમાં એકતા, ભાઈચારો અને પર્યાવરણ જાગૃતિનો સંદેશ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સમગ્ર ગણપતિ ઉત્સવનું આયોજન મહાકાલ સેનાના યોગેશભાઈ રાજપૂત અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

**THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY. THIS IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.**
**Initial Public Offer of equity shares on the main board of BSE Limited ("BSE") and National Stock Exchange of India Limited ("NSE", and together with BSE, the "Stock Exchanges") in compliance with Chapter II of the Securities and Exchange Board of India (Issue of Capital and Disclosure Requirements) Regulations, 2018, as amended ("SEBI ICDR Regulations").**

MANIKA

(Please scan this QR code to view the Prospectus)

# MANIKA PLASTECH LIMITED

## (TO BE LISTED ON THE MAIN BOARD OF BSE AND NSE)

Manika Plastech Limited (our "**Company**" or the "**Issuer**") was incorporated under the Companies Act, 1956 as a private limited company under the name and style of '*Manika Moulds Private Limited*' pursuant a certificate of incorporation dated April 25, 1996 issued by the Additional Registrar of Companies, Maharashtra at Mumbai. Pursuant to an order dated December 10, 2014 passed by the Regional Director, Western Region, Mumbai, and pursuant to the resolutions passed by our Board of Directors at its meeting held on June 2, 2014 and by the Shareholders in the extra-ordinary general meeting held on June 28, 2014, the Registered Office of our Company was shifted from State of Maharashtra to State of Gujarat. Further, in order to align the name of our Company with the business operations carried out and with the main objects clause included in the Memorandum of Association, pursuant to resolutions passed by our Board of Directors at its meeting held on January 25, 2022 and by our Shareholders in the extra-ordinary general meeting held on January 28, 2022, the name of our Company was changed to 'Manika Plastech Private Limited' and a fresh certificate of incorporation dated April 25, 2022 was issued by the Registrar of Companies, Gujarat at Ahmedabad. Subsequently, pursuant to resolutions passed by our Board of Directors at its meeting held on November 04, 2024 and by our Shareholders in the extra-ordinary general meeting held on November 28, 2024, our Company was converted into a public limited company, consequent to which its name was changed to '*Manika Plastech Limited*', and a fresh certificate of incorporation dated December 18, 2024, consequent to such conversion was issued by the Registrar of Companies, Central Processing Centre. For further details, see "*History and Certai Corporate Matters*" on page 234 of the prospectus dated September 16, 2026 ("**Prospectus**") filed with the RoC.

**Registered Office**: Gala Number C/22-26, First Tax Free Industrial Estate, Silvassa Khanvel Road, Village Saily, Silvassa – 396 230, Dadra & Nagar Haveli, India; **Telephone**: +91 260 297 7910;
**Corporate Office** (where books of accounts are maintained): Aar-Pee Centre, 601 to 605, 6th Floor, Gufic Compound, MIDC Andheri (East), Chakala MIDC, Mumbai – 400 093, Maharashtra, India.; **Telephone**: +91 22 4223 4300; **E-mail**: cs@manikaplastech.com; **Website**: www.manikaplastech.com;
**Contact Person**: Karishma Himatbhai Waghela, Company Secretary and Compliance Officer; **Corporate Identity Number**: U74999DN1996PLC000469

**OUR PROMOTERS: NIKUNJ MOHANLAL KAPADIA, MUNJAL NIKUNJ KAPADIA, MIHIR NIKUNJ KAPADIA, PRATIK NIKUNJ KAPADIA AND VRIDAA HOLDING TRUST**

**Our Company has filed the Prospectus dated September 16, 2026 with the RoC and the Equity Shares (as defined below) are proposed to be listed on the main board platform of the Stock Exchanges and the trading of the Equity Shares will commence on Monday, September 21, 2026.**

## BASIS OF ALLOTMENT

નવી દિલ્હી, તા.૨૦ : પાકિસ્તાન સાથેના સિંધુ જળ સમજૂતીને સ્થગિત કર્યા બાદ હવે ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની મહત્વપૂર્ણ ફક્કા જળ સંધિ પણ મોટા વિવાદના ઘેરામાં આવી ગઈ છે. આગામી ડિસેમ્બર ૨૦૨૬માં આ સંધિની મુદત પૂરી થઈ રહી છે, ત્યારે ભારત પોતાના રાષ્ટ્રીય હિતો અને રાજ્યોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેને આગળ વધારવા અંગે ગંભીર મંથન કરી રહ્યું છે. ખાસ કરીને બિહારમાં આ સંધિ સામે ભારે વિરોધના સુર ઉઠી રહ્યા છે, જેના કારણે કેન્દ્ર સરકાર પર પણ દબાણ વધ્યું છે.બિહાર સરકાર અને શાસક પક્ષ જનતા દળ (યુનાઇટેડ) ના નેતાઓનું સ્પષ્ટ માનવું છે કે ફક્કા બેરેજની ખામીયુક્ત રચના અને તેના કારણે ગંગા નદીમાં મોટા પ્રમાણમાં જમા થતી માટી (Silt) ને કારણે નદીનો પ્રવાહ અને તળ ઊંચું આવી ગયું છે. આ પરિસ્થિતિના કારણે દર વર્ષે ચોમાસાની સિઝનમાં બિહારના મોટાભાગના વિસ્તારોમાં વિનાશક પૂરનું જોખમ ઊભું થાય છે, જ્યારે ઉનાળાની ઋતુમાં પાણીનું સ્તર ઘટી જવાથી તીવ્ર જળસંકટનો સામનો કરવો પડે છે. જદયુના નેતાઓએ સંસદમાં પણ આ મુદ્દો ભારપૂર્વક ઉઠાવ્યો છે અને માંગ કરી છે કે સંધિ નવીકરણ કરતા પહેલા વર્ષ ૨૦૫૦ સુધીની ગંગા બેસિનના રાજ્યોની પાણીની જરૂરિયાતો નો વ્યાપક અભ્યાસ કરવામાં આવે. જદયુના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ સંજય ઝા અને પ્રવક્તા રાજીવ રંજન પ્રસાદે જણાવ્યું કે પૂર્વ મુખ્ય પ્રધાન નીતિશ કુમાર વર્ષોથી માટી પ્રબંધન અને ગંગાની અવિરલતાનો મુદ્દો ઉઠાવતા રહ્યા છે. અગાઉ સંસદના ચોમાસુ સત્ર દરમિયાન વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ આ અંગે સ્પષ્ટતા કરી હતી કે સરકાર બિહારની સુરક્ષા અને જરૂરિયાતોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને જ યોગ્ય નિર્ણય લેશે. ઉલ્લેખનીય છે કે ભારતની વિદેશ નીતિ હંમેશાં પડોશી દેશો સાથે સંતુલન અને સહયોગની રહી છે, પરંતુ કેટલાક પાડોશી દેશોની સ્થાનિક રાજનીતિને કારણે અવારનવાર અવરોધો ઊભા થાય છે. બાંગ્લાદેશ સાથે ૧૨ ડિસેમ્બર ૧૯૯૬ ના રોજ થયેલી આ ફક્કા સંધિ ૧ જાન્યુઆરીથી ૩૧ મે વચ્ચે ગંગાના પાણીના વિતરણને નક્કી કરે છે. હવે જ્યારે આ કરાર પૂરો થવામાં છે, ત્યારે બાંગ્લાદેશનું વલણ રક્ષણાત્મક બન્યું છે અને ભારત સમક્ષ પોતાની આંતરિક સુરક્ષા તથા રાજ્યોના જળ અધિકારોનું રક્ષણ કરવાનો મોટો પડકાર સામે આવ્યો છે.

## ઉ. પ્રદેશમાં યુજીસી બિલના વિરોધમાં રાજકીય વાતાવરણ ગરમાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
ફિરોઝાબાદ, તા.૨૦ : રવિવારે પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં યુજીસી બિલના વિરોધમાં રાજકીય વાતાવરણ ગરમાયું હતું. આગ્રાથી ફિરોઝાબાદ સુધી, સવર્ણ જાતિના સમુદાયના સભ્યો વિરોધમાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. આગ્રામાં ટ્રાફિક જામ અને ટ્રેક્ટર કૂચ જોવા મળી હતી, જ્યારે ફિરોઝાબાદના ગાંધી પાર્કમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. તેઓએ મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે ધરણા કર્યા હતા અને સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું હતું. બેરિકેડ તોડીને આગળ વધતાં, તેઓ પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. ઘર્ષણમાં ત્રણ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે, જો કે આની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. અખિલ ભારતીય બ્રાહ્મણ મહાસભાના આહ્વાન પર, યુજીસી બિલનો વિરોધ કરવા માટે ગાંધી પાર્ક ખાતે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. તેઓએ ત્યાં સૂત્રોચ્ચાર કર્યા હતા. પછી, સૂત્રોચ્ચાર કરતા, વિરોધીઓ જિલ્લા મુખ્યાલય તરફ કૂચ કરી હતી. પોલીસે તેમને રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે

**UGC બિલના વિરોધમાં પોલીસ સાથે**

વિવેકાનંદ સ્ક્વેર પર બેરિકેડ હટાવવા બાબતે ઝપાઝપી થઈ. પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે ભારે ઘર્ષણ થયું હતું. પ્રદર્શનકારીઓએ આરોપ લગાવ્યો કે તેમનું મેમોરેન્ડમ છીનવી લેવામાં આવ્યું છે. પરિસ્થિતિના જવાબમાં, ચાર પોલીસ સ્ટેશનની પોલીસને ઘટનાસ્થળે બોલાવવામાં આવી. શહેર પોલીસ અધિક્ષક (SP)ની આગેવાની હેઠળ પોલીસ દળ ભીડને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો.

પોલીસની કાર્યવાહીથી ગુસ્સે થઈને પ્રદર્શનકારીઓ વિવેકાનંદ સ્ક્વેર પર બેસી ગયા અને સૂત્રોચ્ચાર કર્યા. આ વિરોધ લાંબા સમય સુધી ચાલુ રહ્યો, જેના કારણે શહેરનો મેઈન રોડ બંધ થઈ ગયો હતો. વિરોધ પ્રદર્શન બાદ, ઘાયલોએ ગાંધી પાર્ક ખાતે ફરી પોતાનો વિરોધ શરૂ કર્યો. એવું જાણવા મળ્યું છે કે ઘાયલોમાંથી બેને જિલ્લા હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.અહેવાલ છે કે વિરોધ પ્રદર્શન દરમિયાન, પ્રદર્શનકારીઓએ બેરિકેડ તોડીને આગળ વધવાનો પ્રયાસ કર્યો ત્યારે ઘર્ષણ થયું હતું. પોલીસ અને વહીવટી અધિકારીઓએ પ્રદર્શનકારીઓને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેઓએ સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યા. જો કે, પોલીસે કોઈક રીતે પરિસ્થિતિને કાબૂમાં લેવામાં સફળતા મેળવી.

## ટ્રમ્પની AI ફોર્સ બનાવવાની જાહેરાત



(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૨૦ : અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ફોર્સ બનાવવાની જાહેરાત કરી છે. એલન મસ્ક, સેમ ઓલ્ટમેન અને બિલ ગેટ્સ AIને દુનિયા માટે ખતરો બતાવી રહ્યા છે, તેમ છતાં AI રેગ્યુલેશનની દેખરેખ અને અમેરિકાની AI ઈન્ડસ્ટ્રીને બૂસ્ટ કરવા માટે તેઓ AI ફોર્સની રચના કરવા માગે છે, જેના ચીફની જાહેરાત પણ તેઓ ખૂબ જલ્દી કરશે. ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના ટ્રૂથ સોશિયલ એકાઉન્ટ પર પોસ્ટ લખીને અમેરિકાના AI અને ડેટા સેન્ટરોના આલોચકો પર નિશાન સાધ્યું અને કહ્યું કે તેઓ ચૂપચાપ બેસીને અમેરિકાની AI ઈન્ડસ્ટ્રીને બરબાદ થવા દઈ શકે નહીં.

ટ્રૂથ સોશિયલ એકાઉન્ટ પર રાષ્ટ્રપતિ ટ્રમ્પે લખ્યું કે છેલ્લા કેટલાક વર્ષોથી અમેરિકાને બરબાદ કરવાનો પ્રયાસ ચાલુ છે. કટ્ટરપંથી વામપંથી ડેમોક્રેટ્સ ખોટી વાતો ફેલાવીને અમેરિકાની છબી ખરાબ કરી રહ્યા છે. રશિયા, રશિયા, રશિયાપ યુક્રેન, યુક્રેન, યુક્રેનપ ગ્લોબલ વોર્મિંગ, મહાભિયોગનું નાટક, મહિલાઓની રમતોમાં પુરુષો, ટ્રાન્સજેન્ડર અને હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને ખતમ કરવાનો પ્રયાસ છે, પરંતુ અમેરિકાના રાષ્ટ્રપતિ હોવાના નાતે આવું થવા દઈશ નહીં. અમેરિકાના ડેટા સેન્ટર્સ પર હુમલા કરવામાં આવી રહ્યા છે, જ્યારે તે ન માત્ર અમેરિકા માટે પરંતુ પૂરી દુનિયા માટે ફાયદાકારક સાબિત થયા છે. ડેમોક્રેટ્સ સીધા AIની ગ્રોથમાં રુકાવટ નાખી રહ્યા છે, પરંતુ તેમની સાજિશ કામયાબ નહીં થાય. અમેરિકા AIની મદદ કરશે, તેના વિકાસને ગતિ પ્રદાન કરશે. જોકે તેના નકારાત્મક પાસાઓને કંટ્રોલ કરવામાં આવશે, પરંતુ તેનો સાચો ઉપયોગ પણ સુનિશ્ચિત કરવામાં આવશે. આના માટે AI ફોર્સ ગઠિત કરીશ, જેમ કે સ્પેસ ફોર્સ બનાવી હતી, જે મોટા અંશે સફળ પણ રહી. જલ્દી જ AI ચીફને નિયુક્ત કરીશ. જેના માટે હાઈ IQ વાળા લોકો જ સિલેક્ટ કરવામાં આવશે. AI ભવિષ્યની ઈન્ડસ્ટ્રિયલ રેવલ્યુશન છે, જેને ઈન્ટરનેટ રિવોલ્યુશન પણ કહીશું, જેની અસર મોટી અને વધારે અસરકારક હશે.

## ભારતમાં પ્રલયની ૧૮૦ વૈજ્ઞાનિકોની ચેતવણી

**નવેમ્બર ૨૦૨૬થી આગામી વર્ષ સુધી ભારતમાં સામાન્યથી વધુ ગરમી અને સૂકું વાતાવરણ જોવા મળી શકે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨૦ : દુનિયા પર અલ નીનોનું જોખમ તોળાઈ રહ્યું છે ત્યારે ભારતના ૧૮૦થી વધુ વૈજ્ઞાનિકોએ ભારત સરકારને દેશમાં નવેમ્બર મહિનાથી આગામી વર્ષ સુધી 'પ્રલય' જેવા હવામાનની ચેતવણી આપી છે. પર્યાવરણ અને હવામાન વૈજ્ઞાનિકોએ અત્યંત શક્તિશાળી અલ-નીનો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરતા કેન્દ્ર સરકાર, સંશોધન સંસ્થાઓ અને ફન્ડિંગ એજન્સીઓને તેનો સામનો કરવા માટે અત્યારથી જ તૈયારીઓ શરૂ કરવા હાકલ કરી છે, જેથી નુકસાન થયા પછી અભ્યાસ કરવાના બદલે પહેલાથી જ નિરીક્ષણ અને રેકોર્ડની વ્યવસ્થા કરી શકાય.

દેશના ૧૮૦થી વધુ પર્યાવરણ અને હવામાન વૈજ્ઞાનિકોએ આગામી શક્તિશાળી અલ-નીનો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, ૨૦૨૬-૨૭નો અલ નીનો સામાન્ય વર્ષો કરતાં અનેક ઘણો વધુ વિનાશક હોઈ શકે છે. ભારતના જંગલો, નદીઓ, સમુદ્રો, પર્વતો તથા વન્યજીવો પર ગંભીર અસર કરી શકે છે. આ વૈજ્ઞાનિકોનું સંશોધન ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ જેનોડો પ્લેટફોર્મ પર સુપર અલ નીનોની દસ્તક : ૨૦૨૬-૨૭માં ઈકોલોજિસ્ટ માટે ચેતવણી અને પડકાર નામથી પ્રકાશિત થયું છે.

અલ નીનો પ્રશાંત મહાસાગર સાથે સંકળાયેલી એવી પ્રાકૃતિક જળવાયુ ઘટના છે, જેમાં સમુદ્રની સપાટી અસામાન્ય રીતે ગરમ થઈ જાય છે. તેની અસર દુનિયાના અનેક ભાગોના હવામાન પર પડે છે. વૈજ્ઞાનિકો મુજબ આ વખતે પ્રશાંત મહાસાગરમાં સમુદ્રનું તાપમાન અસામાન્યરૂપે વધ્યું છે, તેથી આગામી મહિનાઓ પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. આ સ્થિતિ સામાન્ય અલ નીનોથી અલગ હોઈ શકે છે.

વૈજ્ઞાનિકોને આશંકા છે કે નવેમ્બર ૨૦૨૬થી આગામી વર્ષ સુધી ભારતના અનેક રાજ્યોમાં સામાન્યથી વધુ ગરમી અને સુષ્ક વાતાવરણ જોવા મળી શકે છે. અલ નીનોની અસરના કારણે વરસાદ ઓછો થયો છે ત્યારે પાણીની અછત પણ વધી શકે છે, જેની સીધી અસર ખેતી, જંગલો અને પશુપાલન પર પડશે. રણ ક્ષેત્રો અને પર્વતીય વિસ્તારોમાં વૃક્ષો અને પ્રાણીઓ માટે આ સ્થિતિ વધુ મુશ્કેલી ઊભી કરી શકે છે.

શહેરોમાં કોંક્રિટ અને રસ્તાના કારણે ગરમી અસાધારણ રીતે વધી શકે છે. લાંબા સમય સુધી ચાલનારી તિવ્ર ગરમીથી લોકોના સ્વાસ્થ્ય અને શહેરોમાં વૃક્ષો માટે પડકારરૂપ બની શકે છે. સતત ગરમી અને પાણીની અછતથી જંગલોમાં આગ લાગવાનું જોખમ વધી શકે છે.

તેનાથી વૃક્ષોની સાથે પક્ષીઓ અને અન્ય વન્ય જીવોને ભારે નુકસાન થઈ શકે છે. અલ નીનોની અસર માત્ર જમીન સુધી મર્યાદિત નહીં રહે. ભારતની આજુબાજુના સમુદ્રી ક્ષેત્રોમાં પણ તાપમાન વધવાથી સમુદ્રી લૂ એટલે કે મરીન હીટવેવ આવી શકે છે.

## મક્કા કરાર પાકિસ્તાન માટે ગળાનો ફાંસો બન્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈસ્લામાબાદ, તા.૨૦ : પાકિસ્તાન દ્વારા તુર્કીએ અને સાઉદી અરેબિયા સાથે મળીને બનાવવામાં આવેલું કથિત ઈસ્લામિક નાટો હવે પાકિસ્તાન માટે જ ગળાનો ફાંસો સાબિત થઈ રહ્યું છે. ગત ૭ ઓગસ્ટે સાઉદી અરેબિયા, પાકિસ્તાન અને તુર્કીએ વચ્ચે એક મહત્વપૂર્ણ સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જેને મક્કા પેક્ટ કહેવામાં આવે છે. આ કરાર મુજબ જો આ ત્રણેય દેશોમાંથી કોઈપણ એક દેશ પર હુમલો થાય, તો તેને ત્રણેય પર થયેલો હુમલો ગણવામાં આવશે અને સંયુક્ત પ્રતિક્રિયા આપવામાં આવશે. તુર્કીએ દ્વારા આ કરારને નાટો જેવો જ કરાર ગણાવવામાં આવ્યો હતો, જેના કારણે તેને ઈસ્લામિક નાટો તરીકે ઓળખવામાં આવે છે.જોકે, આ કરાર પર સહી કર્યા બાદ પાકિસ્તાનની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. એક તરફ સાઉદી અરેબિયા વિરુદ્ધ યમનના હૂથી વિદ્રોહીઓના સતત હુમલાઓ પર પાકિસ્તાનની શંકાસ્પદ નિષ્ક્રિયતાને કારણે આખી દુનિયામાં તેની આલોચના થઈ રહી છે, તો બીજી તરફ હૂથીઓએ પાકિસ્તાન અને તુર્કીએને પણ સીધા હુમલાની ખુલ્લી ધમકી આપી દીધી છે.

હૂથી નેતા અલ બુખૈતીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો ઈસ્લામાબાદ અને અંકારા આ યુદ્ધમાં સૈન્ય દખલ કરશે, તો તેમના પર પણ સીધા પ્રહારો કરવામાં આવશે. અમેરિકાના પૂર્વ સુરક્ષા સલાહકાર લેફ્ટનન્ટ જનરલ એચ.આર. મેકમાસ્ટરે પણ આ મક્કા કરાર પાછળ પાકિસ્તાનના ઈરાદાઓ શંકાસ્પદ હોવાનું જણાવ્યું છે.

## લેપ્રસીની વેક્સીન હવે સિવિલ હોસ્પિટલમાં મફતમાં અપાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૨૦ : અમદાવાદ સિવિલ હોસ્પિટલના સ્કિન ડિપાર્ટમેન્ટના પ્રોફેસર ડૉ. રીમા જોશીના ૧.૫ વર્ષના સતત સંશોધન અને પ્રયાસો બાદ લેપ્રસી (રક્તપિત્ત)ના દર્દીઓ માટે એક આશાનું કિરણ પ્રગટ્યું છે. સરકારી ગ્રાન્ટ મંજૂર થતાં, ખાનગી હોસ્પિટલોમાં રૂ.૭૦૦૦માં મળતી લેપ્રસીની વેક્સીન હવે સિવિલ હોસ્પિટલમાં તમામ દર્દીઓને બિલકુલ મફતમાં આપવામાં આવશે. ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશથી આવતા હજારો ગરીબ દર્દીઓ માટે આ નિર્ણય સંજીવની સમાન સાબિત થશે. માત્ર દવાઓના બદલે વેક્સીન મળવાથી દર્દીઓની સારવારમાં ઝડપી સુધારો આવશે, જે વર્ષ ૨૦૨૭ સુધીમાં દેશમાંથી લેપ્રસી નાબૂદ કરવાના સરકારના લક્ષ્યાંકને પૂરું કરવામાં મહત્વનો ભાગ ભજવશે. ડૉ. રીમા જોશી છેલ્લા ૩૧ વર્ષથી લેપ્રસીના દર્દીઓની સારવાર કરે છે.
તેમણે દર્દીઓને લેપ્રસીની મફત વેક્સીન મળે તે માટે રિસર્ચ કર્યું. સરકારની ગ્રાન્ટ માટે તેમણે પોતાનું રિસર્ચ મૂક્યું જે પાસ થઈ જતા હજારો દર્દીઓને રાહત મળી છે. સિવિલ હોસ્પિટલમાં એક દર્દી સાથે ડી ૨૪ કલાકની વાતચિત થતા તેણે જણાવ્યું કે તે ૪ વર્ષથી લેપ્રસીની બીમારીથી પીડાઈ રહ્યો હતો. તે મુળ ઉત્તરપ્રદેશનો રહેવાસી છે. ત્યાંની સરકારી હોસ્પિટલમાં તે જ્યારે સારવાર લેવા પહોંચ્યો તો તેને કોઈ રાહત ન મળી. અંતે તે અમદાવાદની સિવિલ હોસ્પિટલ પહોંચ્યો અને તેને સારવારની સાથે હવે મફત વેક્સીન પણ મળી છે. ખાનગી હોસ્પિટલમાં જે વેક્સીનની કિંમત ૭ હજાર છે. ઘણા દર્દીઓ આ વેક્સીન ખરીદી શકે તેમ નથી હોતું. જોકે હવે સિવિલ હોસ્પિટલમાં મફતમાં મળતી થઈ છે.

## ૨૨મીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની સાક્ષીએ સિનેમાનો મહાકુંભ યોજાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નર્મદા, તા.૨૦ : ગુજરાતના એકતાનગર માટે ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬નો દિવસ ઐતિહાસિક બનવા જઈ રહ્યો છે. દેશના સિનેમા જગતના સૌથી પ્રતિષ્ઠિત સન્માનોમાંનો એક એવા ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન પ્રથમ વખત ગુજરાતના એકતાનગરમાં કરવામાં આવી રહ્યું છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની ભવ્ય પૃષ્ઠભૂમિમાં યોજાનાર આ સમારોહમાં દેશભરના જાણીતા કલાકારો, ફિલ્મ નિર્માતાઓ, દિગ્દર્શકો, ટેક્નિશિયનો અને સિનેમા જગતના દિગ્ગજો એકત્રિત થશે.
રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારની ઉજવણી અત્યાર સુધી મુખ્યત્વે નવી દિલ્હીની સાથે જોડાયેલી રહી છે. હવે માહિતી અને પ્રસારણ મંત્રાલયે આ પરંપરામાં મહત્વપૂર્ણ પરિવર્તન કરતાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને દેશના વિવિધ ભાગોમાં યોજવાનો નિર્ણય લીધો છે.આ પહેલ હેઠળ ૭૨મો સમારોહ ગુજરાતના એકતાનગર ખાતે યોજાઈ રહ્યો છે. આ નિર્ણયનો ઉદ્દેશ ભારતીય સિનેમાની વિવિધતા અને દેશના અલગ-અલગ પ્રદેશોની સાંસ્કૃતિક ઓળખને રાષ્ટ્રીય મંચ સાથે વધુ નજીકથી જોડવાનો છે. આ પહેલને *'એક ભારત, શ્રેષ્ઠ ભારત'*ની ભાવનાને અનુરૂપ ગણાવવામાં આવી છે. આને ભારતના ફિલ્મ પુરસ્કારના સમગ્ર ઈતિહાસમાં દિલ્હીની બહાર યોજાતો પ્રથમ સમારોહ કહેવું ઐતિહાસિક રીતે સંપૂર્ણ ચોક્કસ નથી. અગાઉ પણ એક રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ મદ્રાસ (હાલનું ચેન્નાઈ) ખાતે યોજાયો હતો. જોકે, એકતાનગરમાં યોજાઈ રહેલો આ સમારોહ લાંબા સમય બાદ દિલ્હીની બહાર રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારની ઉજવણીને નવી દિશા આપતો મહત્વપૂર્ણ પ્રસંગ છે.

સરદાર વલ્લભભાઈ પટેલને સમર્પિત ૧૮૨ મીટર ઊંચી સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે વિશ્વના સૌથી ઊંચા સ્મારકોમાંનું એક છે. દેશની એકતા અને અખંડિતતાનું પ્રતિક ગણાતા આ સ્થળે જ્યારે ભારતીય સિનેમાના શ્રેષ્ઠ સર્જકોને રાષ્ટ્રીય સન્માન મળશે, ત્યારે આ સમગ્ર પ્રસંગને એક વિશેષ સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય પરિમાણ મળશે.

## રાજ્યમાં આગામી ૨થી ૪ દિવસમાં ચોમાસું વિદાય લેવાની શરૂઆત કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૨૦ : ચોમાસાને લઈને સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં આગામી ૨થી ૪ દિવસમાં ચોમાસું વિદાય લેવાની શરૂઆત કરશે. ચોમાસાની વિદાય પહેલાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદનો માહોલ જોવા મળી શકે છે.

નૈઋત્યના ચોમાસાએ ૧૯મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વિદાય લેવાની શરૂઆત કરી છે. સૌરાષ્ટ્ર-કચ્છમાંથી ત્રણ-ચાર દિવસમાં એટલે કે ૨૩મી સપ્ટમ્બેર સુધીમાં ચોમાસુ પરત ખેંચાય તે માટે સાનુકૂળ સંજોગો હોવાનું પણ જણાવાયું છે. હાલમાં લો પ્રેશર અને સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય હોવાથી આગામી બે દિવસ પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં ચોમાસું હવે વિદાય તરફ આગળ વધી રહ્યું છે. આગામી ૩-૪ દિવસમાં રાજ્યમાંથી ચોમાસાની વિદાય લેવાની શરૂઆત થઈ શકે છે. જેના કારણે આગામી દિવસોમાં વરસાદની ગતિવિધિમાં ધીમે ધીમે ઘટાડો જોવા મળી શકે છે. હાલમાં લો પ્રેશર અને સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે. તેની અસર હેઠળ રાજ્યના કેટલાક વિસ્તારોમાં આગામી બે દિવસ પવન સાથે વરસાદ વરસી શકે છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં પવન સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં પણ આગામી દિવસોમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. ચોમાસાની વિદાયની પ્રક્રિયા શરૂ થવાની વચ્ચે અમદાવાદ સહિત કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટા પડી શકે છે.

## ઉત્તર કોરિયાએ લોન્ચ કરી દીધી બેલિસ્ટીક મિસાઈલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઉત્તર કોરિયા, તા.૨૦ : ઉત્તર કોરિયાએ ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬, રવિવારના રોજ કોરિયાઈ દ્વીપકલ્પના પૂર્વમાં સમુદ્ર તરફ એક બેલિસ્ટિક મિસાઇલ દાગી હતી. જાપાનના સંરક્ષણ મંત્રાલય અને દક્ષિણ કોરિયાના સંરક્ષણ દળો અનુસાર, આ મિસાઇલ ઉત્તર કોરિયાના વોનસાન (Wonsan) વિસ્તારમાંથી છોડવામાં આવી હતી, અને તે જાપાનના વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર (EEZ) ની બહાર જઈને પડી હતી. છેલ્લા એક સપ્તાહમાં ઉત્તર કોરિયાનો આ બીજો મિસાઇલ ટેસ્ટ છે. આ પહેલા ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ પણ મિસાઇલ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ઉત્તર કોરિયાનો આ આકરો નિર્ણય અમેરિકા, જાપાન અને દક્ષિણ કોરિયા વચ્ચે તાજેતરમાં યોજાયેલા સંયુક્ત નૌકાસૈન્ય અભ્યાસ બાદ આવ્યો છે. આ સૈન્ય કવાયત ૨૯ ઓગસ્ટ થી ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ગુઆમ (Guam) નજીક યોજાઈ હતી. ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉનની બહેન કિમ યો જોંગે શુક્રવારે નિવેદન આપ્યું હતું કે, અમેરિકાની આગેવાની હેઠળની સૈન્ય કવાયતો જ કોરિયાઈ દ્વીપકલ્પમાં તણાવ વધારવા માટે જવાબદાર છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, ઉત્તર કોરિયા પોતાના અણુશસ્ત્રોને મજબૂત કરવાની નીતિમાં કોઈ ફેરફાર કરશે નહીં. મિસાઇલ લોન્ચના સમાચાર મળતાં જ દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ કાર્યાલયે તાત્કાલિક રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ (NSC) ની બેઠક બોલાવી હતી. દક્ષિણ કોરિયાએ આ પરીક્ષણની સખત શબ્દોમાં નિંદા કરી છે, અને પ્યોંગયાંગને આવી ઉશ્કેરણીજનક પ્રવૃત્તિઓ તરત જ બંધ કરવા અપીલ કરી છે. NSCએ ભારપૂર્વક જણાવ્યું કે, આ મિસાઇલ લોન્ચિંગ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ના પ્રસ્તાવનો સીધો ભંગ છે.

# અન્ય સમાચારો

Monday 21, September 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## પારડીની ડીસીઓ હાઇ.માં ચિત્ર સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૦ :** પારડી ડિસીઓ હાઈસ્કુલ માં પારડી શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે ચિત્રકામ સ્પર્ધા યોજવામાં આવી હતી જે સ્પર્ધામાં ૨૦૦થી વધુ ચિત્ર વિદ્યાર્થી ભાઈ બહેનોએ બનાવ્યા હતા. અહીં ભારતીય જનતા પાર્ટીના વલસાડ જિલ્લાના મહામંત્રી કમલેશભાઈ પટેલ ખજાનચી અને પારડી પ્રભારી રમેશભાઈ ભાનુશાલી તથા શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો પારડી નગરપાલિકાના હોદ્દેદારો સાથે ડિસીઓ શાળાના શિક્ષકો વિદ્યાર્થી ભાઈ બહેનો ભેગા થયા હતા અને વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે ચિત્રકામ સ્પર્ધા યોજવામાં આવી હતી. જે સ્પર્ધામાં બાળકોએ ૨૦૦ થી વધુ ચિત્રો બનાવ્યા હતા જેમાં વાઈબ્રન્ટ ગુજરાત વિકસિત ભારત ૨૦૪૭ સાથે અન્ય અસંખ્ય યોજનાઓના ચિત્રો પર્યાવરણ બચાવવાના અને વૃક્ષારોપણ સ્વચ્છતા અભિયાન વગેરે તમામ સેવાકીય કાર્યોના ચિત્રો બનાવ્યા હતા. એ ચિત્રોમાં બાળકોએ ઉત્તમ સ્થાન મેળવતા એમને પ્રમાણપત્ર તથા ઈનામો વિતરણ કરવામાં આવ્યા હતા.

## ધરમપુર સ્વામિનારાયણ મંદિરે ઝેન-જી યુવાનો સાથે ધારાસભ્યનો સંવાદ યોજાયો







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૦ :** નશામુક્ત યુવા તથા વિકસિત ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત ધરમપુરના ગ્ખ્ખ્ગ સ્વામિનારાયણ મંદિર ખાતે Gen-Z યુવાનો સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અરવિંદભાઈ પટેલે યુવાનો સાથે સીધો સંવાદ કરી નશામુક્તિ, સ્વસ્થ જીવનશૈલી, શિક્ષણ, રમતગમત, કૌશલ્ય વિકાસ અને સમાજસેવા જેવા વિષયો અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, યુવા શક્તિ જ વિકસિત ભારતની સાચી શક્તિ છે. યુવાનો પોતાની ઊર્જા, સમય અને પ્રતિભાનો સકારાત્મક ઉપયોગ કરી નશા જેવી હાનિકારક પ્રવૃત્તિઓથી દૂર રહે તે જરૂરી છે. કાર્યક્રમ દરમિયાન યુવાનોના વિચારો અને પ્રશ્નો પણ સાંભળવામાં આવ્યા હતા. યુવાનોને સકારાત્મક લક્ષ્ય નક્કી કરી આગળ વધવા તથા પોતાના આસપાસ નશામુક્તિ અંગે જાગૃતિ ફેલાવવા પ્રેરણા આપવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા યુવા અધિકારી આયુષ ચૌધરી, પોલીસ અધિકારીઓ તથા મોટી સંખ્યામાં યુવા મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં નશામુક્ત, સશક્ત યુવા અને વિકસિત ભારતના સંકલ્પને આગળ વધારવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## વલસાડમાં ન્યુ શાકભાજી મિત્ર મંડળ દ્વારા ભવ્ય પંચમુખી ગણેશજીની સ્થાપના

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** વલસાડ શહેરમાં દર વર્ષે પોતાના અનોખા અને નવતર આયોજન માટે જાણીતા ન્યુ શાકભાજી મિત્ર મંડળ દ્વારા આ વર્ષે પણ ગણેશોત્સવ નિમિત્તે ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે શિવ પરિવારનું જીવંત પાત્ર, અઘોરી વેશભૂષા તેમજ ભગવાન શિવ-પાર્વતીની ઐતિહાસિક જાન જેવા અદ્ભુત ફ્લોટ્સ રજૂ કરીને નગરજનોના દિલ જીતી લેનાર આ મંડળે આ વર્ષે પણ ભક્તો માટે એક અનોખું નજરાણું પેશ કર્યું છે.



આ વર્ષે મંડળ દ્વારા વિઘ્નહર્તા દેવની દિવ્ય પંચમુખી ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. આ સાથે જ પૌરાણિક કથા આધારિત પાતાળ લોકના અહિરાવણ અને મહિરાવણની વિશાળ અને આબેહૂબ પ્રતિમાઓ ભક્તોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બની છે.

મંડળના સંચાલક અને વલસાડ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રાજુભાઈ મરચાંએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, વલસાડની ધર્મપ્રેમી જનતાને દર વર્ષે નવો ઉત્સાહ, ભક્તિભાવ અને ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતો માહોલ પૂરો પાડવો એ મંડળનો મુખ્ય સંકલ્પ રહ્યો છે. બાપાની ભવ્ય આગમન યાત્રા દરમિયાન ઢોલ-નગારા અને ડીજેના તાલ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. વલસાડ શાકભાજી માર્કેટ મંડળ દ્વારા પંચમુખી ગણેશજી અને પાતાળ લોકની અલૌકિક ઝાંખીના દર્શન કરવા માટે સમગ્ર શહેરમાંથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. આગામી દિવસોમાં પણ પંડાલમાં દર્શનાર્થે ભક્તોનો ભારે ધસારો રહેવાની શક્યતા છે.

## વલસાડમાં શિક્ષણ સંઘની પ્રથમ કારોબારી મળી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** વલસાડ જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘની ચાલુ શૈક્ષણિક વર્ષની પ્રથમ કારોબારી સભા તારીખ ૧૯ -૯ -૨૦૧૬ ને શનિવારના દિવસે બપોરે ૧૨:૩૦ કલાકે વલસાડ આવા બાઈ હાઈસ્કુલ ખાતે મળી આ બેઠકમાં સંઘના પ્રમુખ દીપકભાઈ પટેલ મહામંત્રી મુકેશભાઈ પટેલ તેમજ અન્ય હોદ્દેદાર મિત્રો, આમંત્રિતો તથા માધ્યમિક વિભાગના શિક્ષક મિત્રો હાજર રહ્યા હતા.

નિવૃત શિક્ષકોનો સન્માન સમારંભ, આગામી વર્ષના કાર્યક્રમોનું આયોજન, શિક્ષકોના પડતર પ્રશ્નો જિલ્લા શિક્ષણ અધિકારી ડોક્ટર રાજેશ્રીબેન ટંડેલ ના સહયોગથી આપણે લાવવાનો સફળ પ્રયત્ન કરી રહ્યા છે. જેનો સંઘને આનંદ છે.

જિલ્લાની તમામ શાળાના માધ્યમિક શિક્ષકો સંઘમાં જોડાઈ સંઘના સંગઠનને મજબૂત બનાવે એ માટે સંગઠનને જરૂરી માર્ગદર્શન પ્રમુખ દ્વારા આપવામાં આવ્યું. અંતે સ્થળની વ્યવસ્થા કરી આપવા બદલ શાળાના ટ્રસ્ટ, આચાર્ય તેમજ ઉપસ્થિત સૌનો આભાર કોષાધ્યક્ષ સતિષભાઈ ઠાકોરે વ્યક્ત કર્યો હતો.

## વાપીમાં ઝા નિવાસે ગણપતિ બાપ્પાની સ્થાપના સાથે સુંદરકાંડ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપીના ટાંકી ફળિયાના ગીતા નગર સ્થિત ઝા નિવાસ ખાતે પંકજ કુમાર ઘનશ્યામ ઝા અને પરિવાર દ્વારા ગણપતિ બાપ્પાની વિધિવત સ્થાપના કરી પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ગણપતિ બાપ્પાના આગમનથી ઝા નિવાસમાં ભક્તિમય વાતાવરણ છવાયું હતું.

આ પ્રસંગે પરિવારજનો, મિત્રો, પડોશીઓ અને પરિચિતોએ ઉપસ્થિત રહી ગણપતિ પૂજામાં ભાગ લીધો હતો. અમિત શર્માના સહયોગથી સુંદરકાંડ પાઠ તેમજ ભજન-કીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તોએ ઉત્સાહપૂર્વક ભજન-કીર્તનમાં ભાગ લઈ ભગવાન ગણેશ અને શ્રી રામના જયઘોષ સાથે પરિવારની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

## વાપીમાં હોમી લંચ ટીફીન સર્વિસ દ્વારા ૧૫૦થી વધુ ટીફીન સેવા કરવમાં આવે છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વાપી, તા. ૧૮ :** વાપી અને સંઘ -દેશમાં આવેલ વિવિધ કંપની સરકારી કચેરીઓ તથા દુકાન અને અન્ય વેપારના સ્થળોમાં કામ કરતા કર્મચારી તેમજ સંચાલકો ને તેમના ઘરનું ભવતુ ભોજન મળી રહે તેવી વ્યવસ્થા વાપીમાં રહેતા હરેશભાઈ પટેલ દ્વારા ૨૦૨૨ માં માત્ર ૧૫ ટિફિનથી શરૂઆત કરી હતી અને આજે ૧૫૦ થી વધુ ટિફિન સેવા તેમના હોમી લંચ ટિફિન સર્વિસ દ્વારા અપાઈ રહી છે આ ટિફિન સેવા રવિવારે તેમજ જાહેર રજાઓના દિવસમાં બંધ રહે છે આ ટિફિન સેવા વાપી નજીક ના ટુકવાડા અવધ સોસાયટીમાંથી લઈ કરમબેલી ભીલાડ તેમજ સેલવાસના દાદરા અને વાપી જીઆઈડીસી વાપી ટાઉન ચલા તથા દમણના કચીગામ અને ડાભેલ ખાતે આવેલી ઈન્ડસ્ટ્રીઝ સુધી પહોંચતું કરે છે આ ટિફિન ઘરેથી ત્રણ કિલોમીટર સુધી લઈ જવાના માત્ર મહિનાના ૬૦૦ રૂપિયા નો ચાર્જ લેવાય છે અને જો તેનાથી દૂર લઈ જવું હોય તો ૧૨૦૦ થી ૧૪૦૦ રૂપિયા મિનિમમ લેવાય છે પહેલા માત્ર ૧૫ ટિફિનથી શરૂઆત કરી હતી. આજે ૧૫૦ થી વધુ લોકોને ટિફિન હોમી લંચ ટિફિન સર્વિસ હરેશ ભાઈ પટેલ અને તેમની ટીમ પહોંચાડી રહી છે હોમી લંચ ટિફિન સર્વિસ ના સંચાલક હરેશભાઈ ગુણવંતલાલ પટેલ નુ મૂળ વતન રાજકોટ છે અને તેમનો જન્મ જુનાગઢ ખાતે તારીખ ૨૪ મે ૧૯૫૮ થયો હતો તેઓએ જુનાગઢ મા અભ્યાસ મા ડ્રાફટસમેન સિવિલ સુધીનો કર્યો છે અને તેઓ તેમના માતા પિતાના સંતાનોમાં ૫ ભાઈ - ૧ બહેન છે અને તેમનુ બાળપણ રાજકોટ, મોરબી, ગોંડલ, સુરેન્દ્ર નગર,અને જુનાગઢ ખાતે રહ્યું છે તેમને સંતાન મા ૨ પુત્ર છે અને બંને ઉચ્ચ અભ્યાસ કરીને હાલમાં વેલ સેટ થયા છે. જેમાં વિશાલ હરેશભાઈ પટેલ વાપી ૧૦૦ શેર ખાતે ઓશન પોલીપાસ્ટ કંપની અને ભૌમિક દાદરા નગર હવેલીના મસાટ ખાતે અક્ષર સ્ટીલ એન્ડ સિરામિક ઉદ્યોગ ધરાવે છે. હરેશભાઈ ગુણવંતભાઈ પટેલ દ્વારા ૧૯૮૦ માં જુનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ જુનાગઢ માં સર્વિસ જોઈન્ટ કરી ૩૬ વર્ષ સેવા આપી ૨૦૧૬ માં નિવૃત્ત થયા નિવૃતિ પછી ૨૦૧૬ માં વાપી આવ્યા હતા અને નિવૃત્તિ બાદનો તેમનું જીવન વિતાવવા માટે તેઓએ કોરોના દરમિયાન તેમના બંને પુત્રને તેમની કંપનીમાં ભોજન ની સેવા નહીં મળતા તેઓએ ટિફિન સેવાની શરૂઆત કરી હતી અને ત્યારબાદ તેઓએ હોમી ટિફિન સર્વિસ જે આજે ૧૫ ટિફિન થી ૧૫૦ સુધી પહોંચી છે.

## વાપીમાં '૨૫ કરોડ બાળકોનું સપનાનું ભારત' કાર્યક્રમ યોજાયો

**વાપી, તા. ૨૦ :** આજના બાળકો જ આવતીકાલના ભારતનું ભવિષ્ય છે, એ સૂત્રને સાર્થક કરતા દેશના ૨૫ કરોડ બાળકોના સપનાઓ, સંકલ્પો અને પ્રતિભાને નવી ઉડાન આપવાના ઉદ્દેશ્ય સાથે ૨૫ કરોડ બાળકોનું સપનાનું ભારત કાર્યક્રમનું આયોજન વાપીની દેસાઈ એન ડી એન સ્કૂલમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય સંકલ્પ બાળકોના સપનાઓને પાંખો આપવી, શિક્ષણ અને સંસ્કારથી તેમનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવું અને તેઓ વિકસિત ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપે તે છે. વાપીની દેસાઈ એન.ડી.એન. સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ માટે વકૃત્વ



સ્પર્ધા અને ચિત્રકામ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલા વિદ્યાર્થીઓને વાપી મનપાના મેયર દક્ષા બેન પટેલ, નોટીફાઈડના પૂર્વ પ્રમુખ પૂર્વી બેન નાયક હસ્તે પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ સફળ બનાવવા ઈન્ચાર્જ આચાર્ય ગણેશભાઈ ડી પટેલ,પંકજભાઈ આર. માહ્યાવંશી (શિક્ષક) સહિત સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

### શેર સર્ટીફીકેટ ખોવાયેલ છે

હું કુસુમબેન હળપતિ રહેવાસી અનાવિલ વાડી પાસે, શીવહરિ બીલ્ડીગ સામે, રોફેલ કોલેજ રોડ, વાપી, તા.વાપી, જી.વલસાડ હમો સ્ટેટ બેક ઓફ ઈન્ડીયાના Folio No.SB 2502331, Certificate No. 1592216, No. of Shares 50, Distinctive 330959451 to 330959500 ફાળવેલા હતાં અને મારા નામે ધરાવું છુ. જે શેર સર્ટીફીકેટ ખોવાયેલ છે. તો જે કોઈને મળે તો તેની નીચે જણાવેલ નંબર પર ફોન કરવાની મહેરબાની કરશોજી.

સંપર્ક : મો. નં. : 7698104723

### પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં ૦૨૬૩૪-૨૩૩૫૪૪
ઈ-મેઈલ - pochikhli2011@gmail.com

નં,એમએજી/જ,મ.પ્ર,/રજી.નં,૪૩૧/૨૦૨૬,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી
તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી. જી,નવસારી,
તા. As Per E-Sign

વાદી :- શ્રી ઈશ્વરભાઈ નારણભાઈ પટેલ,
રહે.- નીચલા ફળીયા, ગોયંદી, વાઘરેચ, તા.ગણદેવી, જિ.નવસારી

**વિરુદ્ધ**

**સામાવાળા :** - તલાટી કમ મંત્રીશ્રી, ગોંયદી ભાઠલા, તા.ગણદેવી, જીલ્લો.નવસારી,

**જન્મ મરણ અધિનિયમ -૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીશ**

આથી, લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારથી ઈશ્વરભાઈ નારણભાઈ પટેલ, રહે.- નીચલા ફળીયા, ગોયંદી, વાઘરેચ, તા.ગણદેવી, જિ.નવસારીનાઓએ તેઓની પુત્રી કીર્તિબહેન ઈશ્વરભાઈ પટેલનો જન્મ તા.૦૯/૦૬/૧૯૭૫ ના રોજ મોજે.- ગોંયદી વાઘરેચ, તા.ગણદેવી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી. નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

E-sign
( મિતેશ પટેલ )
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી

### જાહેર નોટીસ

તા. / /૨૦૨૬.

આથી જાહેર જનતાને જણાવવા નું કે, નીચે શીડ્યુલમાં જણાવેલી ખેતીની જમીન જે જમીન સુધારણા અધિકારીશ્રીની કચેરીના ગણોતિયા રેકોર્ડ દફતરે શ્રી કુરસન નવસા ધોડીના નામે માલિક અને કબજેદાર તરીકે ચાલી આવેલ છે. જે સદર કુરસન નવસા ધોડીનું તા.: ૧૨/૧૦/૨૦૦૫ ના દિને મરણ થયેલ છે. આમ મરહુમ ના વારસદારો સંતાનો માં તેમને પુત્ર કે પુત્રી નો જન્મ થયેલ નથી, આ સીધીલીટીના વારસદારો તરીકે મરહુમના ધર્મપત્ની નામે ગં.સ્વ. રામી કુરસન ધોડીના વિધવા પત્ની હતા. જે ગં.સ્વ. રામી કુરસન ધોડીનું તા.: ૦૯/૧૨/૨૦૦૫ના દિને ગામ નમુના નં.૭/૧૨, ૮-અ ના હક્ક પત્રક પ્રમાણે ગં.સ્વ. રામી કુરસન ધોડી ના વિધવા પત્નીનું નામ વારસાઈ હેઠળ નોંધ કરવામાં આવેલ છે. સ્વ. કુરસન નવસા ધોડીના ધર્મ પત્ની ગં.સ્વ. રામી કુરસન ધોડી નું મરણ તા.: ૨૪/૦૭/૨૦૨૧ના દિને મરણ થયેલ છે.

હાલે સ્વ. કુરસન નવસા ધોડી અને તેમના ધર્મ પત્ની ગં.સ્વ. રામી કુરસન ધોડી જેઓ બન્ને નિ:સંતાન બિન વારસ મરણ પામેલા છે. એ વાત સત્ય અને હકીકત છે.

જો કોઈ મરહુમના વારસદાર સંતાન માં છોકરો કે છોકરી જીવતા હોય, તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન ૭ માં લેખીત વાંધા, વારસદાર ના દસ્તાવેજ પુરાવા સહિત હમારા અસીલ વતી નીચે જણાવેલ સરનામે સ્પીડ પોસ્ટથી વાંધા અરજી મોકલવી અને તેમ કરવામાં કસુર થશેતો હમારા અસીલ ઉપલી મુદ્દત વિત્યાબાદ સદરહુ જમીન માં બિનવારસ નિ:સંતાન નું ટાઈટલ ચોખ્ખુ અને સત્ય હોવાનું માની અમારા અસીલ શ્રી દિવાળ નવસા ધોડી, ધર્મા નવસા ધોડી, સ્વ. વિઠ્ઠલ નવસા ધોડી અને રઘે નવસા ધોડી એ મરનાર મરહુમ સ્વ. કુરસન નવસા ધોડી ના સગાભાઈ, બહેન લાગે છે. જેઓ ખાતા નંબર ૩૪ કુલ વિસ્તાર હે. ૦૧-૩૧.૪૦ આરે. ચો.મી. વાળી જમીનમાં વારસાઈથી પોતાના સંયુક્ત નામો દાખલ કરવા બાબતે અરજી કરેલ છે.

આમ મે. મામલતદાર શ્રી પાસેથી ઉપરોક્ત મુદ્દત વિત્યે જમીન અમારા અસીલ દ્વારા વારસાઈ કરાવી પોતાના સંયુક્ત નામો દાખલ કરી કરાવી લેવામાં આવશે અને ત્યાર બાદ આવેલ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**:: શીડ્યુલ વાળી મિલક્ત ::**

દાદરા નગર હવેલી સંઘ પ્રદેશ જિલ્લા-ખાનવેલ, તાલુકા - આંબોલી પટેલાદના મોજે ખેરડી ગામે ખાતા નંબર.: ૩૪ માં આવતી ખેતીની જમીનોને લગતા તમામ પ્રકારના હક્કો સાથે.

| ખાતા નંબર | જુના સર્વે નંબર | જુના સર્વે નંબર | નવા સર્વે નંબર | | વિસ્તાર (ક્ષેત્રફળ) |
|---|---|---|---|---|---|
| ખેરડી ગામ | ૩૦૬ | ૭૭૬ | ૭૭૬ | | ૧-૧૧.૦૦ |
| ની ખાતા | ૨૬૧/૨ | ૬૯૮ | ૬૯૭ | | ૦-૧૦.૦૦ |
| નંબર: ૩૪ | ૩૦૪/૨ | ૭૭૩ | ૭૭૩ | | ૦-૦૫.૦૦ |
| | | | | કુલ વિસ્તાર | ૧-૨૬.૦૦ |

**પોસ્ટ સરનામું.** : - ૧૩૭, બિલધરી,
પાટીલપાડા, પો. દુધની. - ૩૯૬ ૨૩૦.
દાદરા અને નગર હવેલી સંઘ પ્રદેશ.
Letter Post Add.:
137, Bildhari, Patilpada,
Po. Dhudhni, - 396 230.
U.T. of Dadra & Nagar Haveli.
Mob.: 73595 77793.

(વિનય એલ. ભોયા)
તે વારસાઈના વકીલ
કરનારાઓના
એડવોકેટ

### પાવરગ્રિડ POWERGRID

**નોટીસ**

૧. સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેશન (કન્ડકટ ઓફ બિઝનેસ) રેગ્યુલેશન્સ, ૨૦૨૩ ના રેગ્યુલેશન ૨૩ તથા રેગ્યુલેશન ૧૫(૧) (એ) હેઠળ સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન (ટેરીફ રેગ્યુલેશન્સની શરતો અને ધોરણો) ૨૦૨૪ સાથે વાંચતા તથા ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ ના સેકશન ૬૨ને સેકશન ૭૯ (૧) (ડી) હેઠળ વાંચતાં પશ્ચિમ ક્ષેત્રમાં ગુજરાતના ખાવડા વિસ્તારમાં સંભવિત RE (પુન:પ્રાપ્ય ઊર્જા) ઝોનમાંથી પાવરના નિકાલ માટેની ટ્રાન્સમિશન સિસ્ટમ - તબક્કો IV (7GW) - ભાગ E4" હેઠળ, પડઘે GIS ખાતે 1x1500 MVA, 765/400kV ICT (ચોથું) તેમજ તેની સાથે સંકળાયેલ 765kV અને 400kV ICT બેઝ (bays) અને ટાઈ બેઝ (tie bays), ૦૧ નંગ 765kV ફ્યુચર બે (ડાયા પૂર્ણ કરવા માટે) અને ૦૧ નંગ 400kV ફ્યુચર બે (ડાયા પૂર્ણ કરવા માટે) માટે; DOCO (વાણિજ્યિક કામગીરીની તારીખ) થી ૩૧.૦૩.૨૦૨૯ સુધીના ટેરિફ (દર) નક્કી કરવા અંગેની અરજી.
૨. ઉપર દર્શાવેલ ટ્રાન્સમીશન સિસ્ટમના લાભાર્થીઓ: (૧) એમપીપીએમસીએલ, જબલપુર (૨) એમએસઈડીસીએલ, મુંબઈ (૩) જીયુવીએનએલ, વડોદરા (૪) ઈલેક્ટ્રીસીટી ડિપાર્ટમેન્ટ, ગવર્નમેન્ટ ઓફ ગોવા, પણજી, (૫) ડીએનએચડીડીપીસીએલ, સેલવાસ (૬) સીએસપીડીસીએલ, રાઈપુર (૭)સીટીયુઆઈએલ
૩. **દરોની વિગતો :**
**પ્રોજેકટની એસસીઓડી : ૦૯.૦૭.૨૦૨૫**
**પ્રોજેકટ માટેની એફઆર મંજુર કિંમત : રૂા. ૨૨૪૪૧.૦૦ લાખ**
**પૂર્ણતાની અંદાજિત કિંમત : રૂા. ૨૧૫૩૬.૨૫ લાખ**

(રૂા. લાખમાં)

૨૦૨૪-૨૯ના ટેરિફ બ્લોક માટે ટ્રાન્સમીશન દરો

| એસેટ નં. | એસેટનું નામ અને એના સ્થળ | સીઓડી | ૨૦૨૪-૨૫ | ૨૦૨૫-૨૬ | ૨૦૨૬-૨૭ | ૨૦૨૭-૨૮ | ૨૦૨૮-૨૯ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | એસેટ ૧ : ૧ પઢઘે GIS ખાતે 1500MVA 765/400kV ICT (ચોથું), તેની સાથે સંલગ્ન 765kV અને 400kV ICT બેઝ (bays) અને ટાઈ બેઝ (tie bays), ૦૧ નંગ 765kV ફ્યુચર બે (ડાયા પૂર્ણ કરવા માટે) અને ૦૧ નંગ 400kV ફ્યુચર બે (ડાયા પૂર્ણ કરવા માટે). | ૨૧.૦૬.૨૦૨૬ | એનએ | એનએ | ૨૫૩૪.૦૪ | ૩૫૫૬.૬૦ | ૩૬૩૨.૮૪ |

૪. દરો નિર્ધારીત કરવા માટે કરાયેલી અરજીની નકલ અરજદારની વેબસાઈટ www.powergridindia.com પર મુકવામાં આવી છે.
૫. જો દરો નિર્ધારીત કરવાની દરખાસ્ત માટેની અરજી અંગે લાભાર્થીઓ સહિત કોઈપણ વ્યક્તિને જો કોઈ સૂચનો કે વાંધો હોય તો એ સેક્રેટરી, સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન, છઠ્ઠો, સાતમો, આઠમો અને માળ, ટાવર-બી, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, નૌરોજી નગર, નવી દિલ્હી -૧૦૦૨૯(અથવા કમિશનની કચેરી જ્યાં સ્થિત હોય એ અન્ય સરનામે) અરજદારને એની એક નલક સાથે તેની કોર્પોરેટ ઓફિસના સરનામે આ નોટિસના પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસમાં મોકલી અરજી કરી શકે છે.

**તારીખ: ૧૪.૦૯.૨૦૨૬**
**સ્થળ: ગુરુગ્રામ**

**સહી/-**
**સિની. ડેપ્યુટી જનરલ મેનેજર (કોમર્શિયલ)**

**પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લીમીટેડ**
(ભારત સરકારનું સાહસ)
**રજી. ઓફિસ:** બી-૯, કુતુબ ઈન્સ્ટીટ્યુશનલ એરીયા, કટવારીયા સરઈ, નવી દિલ્હી- ૧૧૦૦૧૬
**કોર્પો. ઓફિસ:** ''સૌદામિની'' પ્લોટ નં.૨, સેક્ટર-૨૯, ગોરગાંવ, હરિયાણા-૧૨૨૦૦૧
**વેબસાઈટ :** www.powergrid.in **સીઆઈએન:** L40101DL1989GOI038121
એક મહારત્ન પીએસયુ

PG/CC/Notice-56/Adv-77/2026-27/BASIC4

ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361




દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂા.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's, DONEAR SUITINGS & SHIRTINGS, DIGJAM, NIRVAN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORDS MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



Monday 21, September 2026

# દમણગંગા ટાઈમ્સ



‘પૂઢચા વર્ષી લવકર યા’ના ગગનભેદી નાદ સાથે આજે વાપી પંથકની ૭ દિવસની સ્થાપિત કરાયેલી શ્રીજીની પ્રતિમાને ભકતોએ ભારે હૈયે વિદાય આપી હતી. ત્યારે વાપી નેશનલ હાઈવે નં. ૪૮ ના સર્વિસ રોડ પરથી મોડી રાત્રે વિસર્જનયાત્રા નિકળી હતી. જેમાં ડીજેના તાલ સાથે ગણપતિ બાપ્પા મોર્યા, આવતા વર્ષે લવકર યા ના નારા સાથે વાતાવરણ ધાર્મિક બની જવા પામ્યું હતું અને આ પ્રસંગે ગણેશજીની પ્રતિમા રાહદારીઓ માટે પણ આકર્ષણનું કેન્દ્ર બની હતી. **(તસવીર : મનોજ ભંડારી, વાપી)**



શ્રી દ્વારકાધીશ મિત્ર મંડળ, વાપી, અલ્કાપુરી હળપતિવાસ



સાંઈ શકિત યુવક મંડળ, મચ્છી માકેટ, વાપી



પ્રમુખ દર્શન એપાર્ટમેન્ટ, શિંદે પરિવાર દ્વારા સ્થપતિ ગૌરી ગણેશ વાપી

## દમણ કોસ્ટ ગાર્ડ દ્વારા દરિયાકાંઠેથી ૩૫૦ કિલો કચરો દુર કરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૦ :** આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠાની સફાઈ દિવસ ૨૦૨૬ નિમિત્તે, શનિવારે દમણના નામપોપથ બીચ પર ભારતીય કોસ્ટ ગાર્ડ એર સ્ટેશન, દમણ દ્વારા એક વિશાળ દરિયાકાંઠાની સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સ્વચ્છ સમુદ્ર, સલામત દરિયાકિનારો - આ આપણી ઓળખ છે અભિયાન હેઠળ આયોજિત, ભારતીય કોસ્ટ ગાર્ડના ડીઆઈજી, આલોક નેગીના નેતૃત્વમાં લગભગ ૬૦૦ સ્વયંસેવકોએ દરિયાકિનારાની સફાઈ કરી હતી.

ભારતીય કોસ્ટ ગાર્ડના કર્મચારીઓ અને તેમના પરિવારો, NCC કેડેટ્સ, કોલેજના વિદ્યાર્થીઓ, કોસ્ટ ગાર્ડ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ અને સ્થાનિક નાગરિકોએ ઉત્સાહપૂર્વક આ ઝુંબેશમાં ભાગ લીધો. સહભાગીઓએ દરિયા કિનારેથી આશરે ૩૫૦ કિલોગ્રામ કચરો એકઠો કર્યો હતો.

આમાં પ્લાસ્ટિકનો કચરો, માછીમારીના સાધનોનો ઉપયોગ ન કરી શકાય તેવી સામગ્રી અને અન્ય બિન-જૈવવિઘટનક્ષમ સામગ્રીનો સમાવેશ થાય છે. કમાન્ડિંગ ઓફિસર આલોક નેગીએ અભિયાનમાં સક્રિય ભાગીદારી બદલ તમામ સહભાગીઓ અને હિસ્સેદારોનો આભાર માન્યો હતો.

## ડુંગરા પીએચસીમાં થયેલ ચોરી કરનાર ૩ ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપી તા ડુંગરા PHC સરકારી હોસ્પિટલમાં થયેલ ધરફોડ ચોરીનો ભેદ ડુંગરા પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસે ત્રણ આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે.

વાપી વિભાગના DySP બી.એન. દવેની સૂચનાથી ટીમો બનાવવામાં આવી હતી. દરમિયાન PSI કે.આર. ચોટલીયા અને ASI રમેશભાઈને મળેલી બાતમી આધારે ડુંગરા પોલીસ સ્ટેશનમાં ત્રણ આરોપીઓને પકડવામાં આવ્યા છે.

પકડાયેલામાં અરબાઝ ઉર્ફે પરચા ઝાકીર ખલીફા (રહે. યુસુફનગર), કરીમ સલીમ મનિહાર અને સલમાન સૈદુલ્લા ચૌધરીનો સમાવેશ થાય છે. તેમની પાસેથી માઈક્રોસ્કોપ, મોનીટર, CPU, પ્રિન્ટર, ઓક્સિજન કોન્સ ટ્રેટર, સ્ટેબીલાઈઝર, TVS મોપેડ નં. GJ-15-DL-0018 અને ૩ મોબાઈલ મળી કુલ રૂ. ૧,૫૩,૪૦૦ નો મુદ્દામાલ કબજે કરાયો છે.



**વાપીમાં ગણપતિ વિસર્જનની એક ભાવુક ક્ષણ...**

વાપીમાં ગણેશ વિસર્જન વેળા એક પિતાના ખોળામાં તેની દીકરી અને દીકરીના હાથમાં બાપ્પા... જતી વખતે બાપ્પાને કોમળ હાથે પકડી રાખી નાનકડી પરી જાણે કહી રહી છે - આવતા વર્ષે જલ્દી આવજો.

## ઉમરગામમાં યુવકે પોતાના જ ગળા પર ચપ્પુ ફેરવતાં ચકચાર મચી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** ઉમરગામના ગોકુલધામ વિસ્તાર પાસે એક સનસનીખેજ ઘટના સામે આવી છે. એક અજાણ્યા યુવકે જાહેરમાં ધારદાર હથિયાર વડે પોતાના જ ગળા ઉપર ઘા કરી લેતા અફરાતફરી મચી ગઈ હતી.



ઘટનાને પગલે આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને યુવકને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ યુવકે બચાવવા આવેલા લોકો ઉપર પણ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આથી લોકોમાં ભય ફેલાયો હતો. સ્થાનિકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા યુવકને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. યુવકે આ પગલું કયા કારણોસર ભર્યું તે હજુ જાણવા મળ્યું નથી. પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.

## દમણમાં ‘ડ્રગ ફ્રી યુથ - ૧૦૦ અઠવાડિયા’ અભિયાન શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૦ :** માય ભારત (માય યંગ ઈન્ડિયા) એ દમણમાં ડ્રગ-મુક્ત યુવા - ૧૦૦ અઠવાડિયાં અભિયાન શરૂ કર્યું જેથી યુવાનોમાં ડ્રગના દુરુપયોગ અને માદક દ્રવ્યોના દુરુપયોગ વિશે જાગૃતિ આવે. આ અભિયાનના ભાગ રૂપે, સતત ૧૦૦ અઠવાડિયા સુધી દર રવિવારે યુવાનોની ભાગીદારી સાથે જાગૃતિ અને ઈન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

કોળી સમાજ હોલ ખાતે આયોજિત આ અભિયાનના ઉદ્ઘાટન કાર્યક્રમમાં ૨૦૦ થી વધુ યુવાનોએ ભાગ લીધો હતો. ડેપ્યુટી કલેક્ટર આરતી અગ્રવાલ મુખ્ય મહેમાન હતા. દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ ભાજપના પ્રદેશ પ્રમુખ મહેશ અગરિયા, વિવિધ વોર્ડના કાઉન્સિલરો, સરપંચો અને અન્ય જનપ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા.

ઝુંબેશના પહેલા જ દિવસે મોટી સંખ્યામાં યુવાનોની ભાગીદારી સાથે, આયોજકોએ વ્યસન મુક્તિ અંગે જાગૃતિ વધારવા અને યુવાનોને ઝુંબેશ સાથે જોડવાનો સંદેશ આપ્યો.

## પારડીની તાજ બેકરીને હાઈજિનના નિયમોના ભંગ બદલ નોટિસ ફટકારાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** વલસાડ જિલ્લાના પારડી વિસ્તારમાં આવેલી "Taj Bakery" પર ફૂડ સેફટી ઓફિસર કે. એ. પટેલ દ્વારા સ્વતંત્ર સાક્ષીઓની ઉપસ્થિતિમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન પેઢીના માલિક જાહિદખાન ઈલાહીખાન પઠાણ ની હાજરીમાં તપાસમાં અન્ન સુરક્ષા અને ગુણવત્તાના ધોરણો બાબતે ગંભીર અનિયમિતતાઓ ધ્યાને આવી હતી.

જેમાં પેઢીમાં પેસ્ટ કંટ્રોલ કરાવવામાં આવ્યુ નથી. તેમજ પ્રોડક્ટ ટેસ્ટિંગ રિપોર્ટ ઉપલબ્ધ ન હતો. બારી અને દરવાજા ખુલ્લા રાખવામાં આવતા હોવાથી જીવાતોના પ્રવેશ અટકાવવા માટેની યોગ્ય વ્યવસ્થાનો અભાવ જણાયો હતો.

દીવાલો, છત અને દરવાજા પરનું પેઈન્ટ ઉખડી ગયેલું હતું તથા કણો ખરી રહ્યા હતા. ફૂડ સુપરવાઈઝર માટેનું ફોસ્ટાક ટ્રેનિંગ સર્ટિફિકેટ પણ હાજર મળી આવ્યું ન હતું. ઉપરોક્ત બાબતો ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ (લાઈસન્સિંગ એન્ડ રજીસ્ટ્રેશન ઓફ ફૂડ બિઝનેસિસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૧ના શિડ્યુલ-૪ હેઠળ નિર્ધારિત સેનિટરી અને હાઈજિનના મૂળભૂત નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે.

આ બેદરકારી જાહેર જનતાના આરોગ્ય માટે જોખમી સાબિત થઈ શકે તેમ હોવાથી તંત્ર દ્વારા પેઢીને સુધારણા નોટિસ ફટકારવામાં આવી છે. સાથે જ જ્યાં સુધી તમામ ખામીઓ દૂર કરવામાં ન આવે અને જરૂરી દસ્તાવેજોની પૂર્તતા ન થાય, ત્યાં સુધી માલિક દ્વારા સ્વેચ્છાએ પેઢીનું સંચાલન બંધ રાખવામાં આવ્યું છે.

નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતી આવી અસુરક્ષિત ખાદ્યચીજોનું વેચાણ અટકાવવા માટે વહીવટી તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ સઘન તપાસ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે એવુ ફૂડ વિભાગના ડેઝિગ્નેટેડ ઓફિસર આશિષ વળવીએ અખબારી યાદીમાં જણાવ્યુ છે.

## પારડીની કંપનીમાં આગ લાગી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૦ :** પારડી સદગુરુ સોસાયટીમાં ફાયર સ્ટેશનના પાછળ આવેલ એક કંપનીમાં આજે અચાનક આગ ફાટી નીકળી હતી ભયંકર ફાટી નીકળેલી આગમાં સદનસીબે કંપનીમાં કામ કરતાં કામદારોનો બચાવ થયો હતો કંપનીમાં માલ સામાન બળીને ખાસ થઈ ગયો હતો પારડી ફાયર ફાઈટર રીન્કુ ભાઈ અને એમની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી આ કેટલી ભયંકર હતી કે સમગ્ર શહેરમાં ધુમાડો પ્રસરી ગયો હતો



## સાપુતારામાં દીપડાઓની લટાર..!

**ગિરિકંદરામાંથી બહાર આવી માર્ગની દીવાલો પર આરામ ફરમાવતા દીપડાના વીડિયો વાયરલ: સનસેટ-ટેબલ પોઈન્ટ વિસ્તારમાં અંધારપટથી પ્રવાસીઓની સુરક્ષા સામે સવાલો**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૦ :** ગુજરાતના પ્રવાસન નકશા પર આગવુ સ્થાન ધરાવતું અને ગુજરાતની આંખોના તારા તરીકે ઓળખાતું ગિરિમથક સાપુતારા હવે વન્યજીવોની અવરજવરથી પણ ચર્ચામાં આવ્યુ છે.સાપુતારાની ગિરિકંદરાઓમાં આવેલી લીલીછમ વનરાજી અને ગીચ જંગલમાંથી દીપડાઓ બહાર આવી માર્ગની સાઈડમાં આરામ ફરમાવતા હોવાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પ્રવાસીઓ તથા સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.સાપુતારાના સનસેટ અને ટેબલ પોઈન્ટ વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થામાં ફરજ બજાવતા યુવકોએ માર્ગની બાજુની દીવાલ પર આરામ ફરમાવતા દીપડાનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કર્યો હતો. બાદમાં આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા સાપુતારામાં દીપડાની હાજરીનો મુદ્દો ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. સાપુતારા આવતા પ્રવાસીઓ માટે સનસેટ પોઈન્ટ અને ટેબલ પોઈન્ટ સૌથી લોકપ્રિય સ્થળોમાં સામેલ છે. દિવસ દરમિયાન મોટી સંખ્યામાં પ્રવાસીઓ અહીં કુદરતી સૌંદર્ય માણવા પહોંચે છે. જોકે સૂર્યાસ્ત બાદ આ વિસ્તારોમાં પ્રવાસીઓની અવરજવર રહેતી હોવા છતાં માર્ગના કેટલાક ભાગોમાં સ્ટ્રીટ લાઈટના અભાવે અંધારપટ છવાતો હોવાની ફરિયાદો વચ્ચે દીપડાના વીડિયો સામે આવતા પ્રવાસીઓની સુરક્ષાને લઈને ચિંતા વધી છે. ખાસ કરીને સનસેટ અને ટેબલ પોઈન્ટ જેવા પ્રવાસીઓથી ધમધમતા વિસ્તારોમાં પૂરતી સ્ટ્રીટ લાઈટ, રાત્રિ પેટ્રોલિંગ અને જરૂરી સ્થળોએ સુરક્ષા વ્યવસ્થા ઉપલબ્ધ છે કે કેમ તે અંગે પણ હવે સવાલો ઉઠી રહ્યા છે.

## ડુંગરામાં વેપારીને ચપ્પુ બતાવી રૂ.૧૦૦૦ ની ખંડણી માંગી!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપીના ડુંગરા વિસ્તારમાં શાકભાજીની દુકાન ઉપર છરી બતાવી ગાળાગાળી કરી રૂપિયા પડાવી લેવાની ઘટના સામે આવી છે.

ફરિયાદી ઈરફાન અબ્બાસ અલી ઉ.૨૭ ધંધો-શાકભાજી વેપાર, રહે. ડુંગરા, ડુંગરી ફળિયા, મિલ્લતનગર, ઉસ્માનિયા બિલ્ડિંગ એ જણાવ્યું કે ગઈ તા.૧૮/૦૯/૨૦૨૬ ના રાત્રે ૯ વાગ્યે તેઓ પોતાની દુકાન પર હાજર હતા ત્યારે ઓળખીતા નવાબ રવાબ ખાન રહે. કરવડ સાંઈ આસ્થા અમન પેલેસે આવી હજાર રૂપિયાની માંગણી કરી હતી. રૂપિયા ન આપતા શાકભાજી કાપવાનું ચપ્પુ લઈ આવી જાહેરમાં ગંદી ગાળો આપી ચપ્પુ બતાવી ધમકી આપી કે, હું મર્ડરના કેસમાં જેલમાં રહી આવેલ છું અને તું મારા કેસમાં પંચમાં કેમ રહે છે, હજાર રૂપિયા આપવા પડશે નહીં તો બે દિવસમાં જાનથી મારી નાખીશ. ગભરાઈ જઈ દુકાનના ગલ્લામાંથી રૂ.૧૦૦૦/- આપવા પડ્યા હતા. આ મામલે ડુંગરા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

**જાહેર નોટીસ**

**ઉમરગામ તાલુકાના મરોલી એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત શાળા પરિસરમાં ૩૮ ઓરડાઓ અને એક પ્રિન્સિપલના મકાન તોડી પાડવા માટે રસ ધરાવતા વ્યક્તિઓ ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઈ શકે છે. ઉપરોક્ત ઓરડા તોડી પાડવા માટે ઓફસેટ કિંમત રૂા. ૧૨ લાખ નક્કી કરેલ છે.**

**વધુ માહિતી મેળવવા માટે સંપર્ક કરો**

**મોબાઈલ નંબર : ૯૮૨૫૧૦૧૧૦૮**

## વાપી રેલવે સ્ટેશને ૩ મોબાઈલ અને રોકડની ચોરીનો ગુનો ઉકેલાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપી રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.૧ પર સ્ટેશન માસ્ટરની ઓફિસ સામે ભીડનો લાભ લઈ ત્રણ મોબાઈલ અને રોકડની ચોરી થયાનો ગુનો વાપી જીઆરપીએ ઉકેલી નાખ્યો છે.

વાપી રેલવે પોલીસ મથકે નોંધાયેલા ગુનામાં ફરિયાદી મણિશંકર રામદુવાસ નિષાદ ઉ.૨૬ (મૂળ ચિત્રકૂટ યુ.પી., હાલ પાલીગામ સચીન સુરત) એ જણાવ્યું હતું કે, તા.૧૬/૦૯/૨૦૨૬ ના ૧૩:૩૦ થી ૧૫:૦૦ દરમિયાન તેઓ ભાઈ અને મિત્ર સાથે સ્ટેશને હતા ત્યારે ટ્રેનની ભીડનો લાભ લઈ ચોર ઈસમે ચોરી કરી હતી. આ ગુનો ઉકેલવામાં વાપી જીઆરપીના એએસઆઈ સાદિક ખાન, હેડ કોન્સ્ટેબલ ચંદ્રકાંતભાઈ, હેમંતસિંહ, મનોજભાઈ સહિતની ટીમે સીસી ટીવી ફૂટેજ આધારે તપાસ કરી વોચ ગોઠવી આરોપી એઝાઝ મોહમ્મદ શેખ રહે સુરેન્દ્ર નગર ને ઝડપી પાડી ચોરીનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ચોરાયેલા મુદ્દામાલમાં મોટોરોલા G85 5G કિ.૧૩,૯૯૯/-, વિવો ૭૫૧ પ્રો 5G કિ.૩૩,૯૯૯/-, રેડમી નોટ ૧૪ પ્રો 5G કિ.૩૪,૯૯૯/- અને રોકડ રૂ.૧૪,૫૦૦/- મળી કુલ રૂ.૯૭,૪૯૭/- નો મુદ્દામાલ સાથે પોલીસે જપ્ત કર્યો છે.

## આલીપોરમાંથી દારૂ સાથે ૧ ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૨૦ :** બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર નવસારી એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે ચીખલી નજીક આલીપોર ઓવરબ્રિજના ઉત્તર છેડે વોચ રાખતા એક શંકાસ્પદ કન્ટેનર નંબર જીજે ૨૭ ટીડી ૦૮૩૮ ને આંતરિને તેની તલાસી લેતા કન્ટેનર માંથી પાસ પરમીટ વિનાનો વિસ્કી, વોડકા તથા ટીન બિયર નંગ ૯૩૧૨ જેની કિંમત રૂપિયા ૨૮.૨૨.૧૬૦ તેમજ એક નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૫,૦૦૦ અને રૂ. ૧૦ લાખ નું ટ્રક કન્ટેનર મળી કુલ રૂપિયા ૩૮.૨૭.૧૬૦ નો મુદ્દા માલ કબ્જે કરી કન્ટેનર ચાલક નીરજ રામ મનોહર ત્રિપાઠી હાલ રહે. ભડકમોરા તા. વાપી જી. વલસાડ મૂળ રહે. તુરાં ગામ થાના બડોસા તા.અતાં જી. બંદા યુપી ની ધરપકડ કરી છે

જ્યારે દારૂનો જથ્થો ભરાવી આપનાર યાદવ તેમજ અમદાવાદ ખાતે દારૂનો જથ્થો મંગાવનાર અજાણ્યા ઈસમ અને કન્ટેનરના માલિક સહિત ત્રણ શખ્સોને વોન્ટેડ જાહેર કરાયા છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**